આજનો સુવિચાર

ભલાઈ એ એકમાત્ર એવું ધિરાણ છે, જે કયારેય દગો દેતું નથી!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૬૪ જૂનાગઢ તા.૧૯-૧૦-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 264, Junagadh : Date : 19 October, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## દિવાળી પર્વનું કાઉન્ટ-ડાઉન શરૂ : બજારોમાં ખરીદીનો ધમધમાટ

નવી દિલ્હી, તા.૧૯:

દિવાળી પર્વના કાઉન્ટ-ડાઉન સાથે બજારોમાં ધીમી ગતિએ ખરીદીના શ્રીગણેશ થયા છે, મંદી-મોંઘવારીની અસર હાલમાં વર્તાઈ રહી છે. મુખ્ય બજારોમાં દિવાળીના સુશોભન, ગૃહ વપરાશની ચીજવસ્તુઓ, ફરસાણ-મીઠાઈ બનાવવાનું રૉ-મટિરિયલ્સ, તૈયાર વષાો સહિતની સાધન-સામગીની ખરીદીનો દોર શરૂ થઈ ગયો છે.

મનુષ્ય જીવનમાં ઉર્જા-શકતિ પ્રદાન કરતા દિવાળીના પર્વનો અનેરો મહિમાં છે, દિવાળીના પર્વે વેપાર-વણજ, ઘર-પરિવારમાં સુખ-શાંતિ અને સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ માટે ભગવતી સો મહાલક્ષ્મીનું પૂજન-અર્ચન લાભકારી ગણાય છે. આ વર્ષે રમા એકાદશી- વાઘબારસ તા.૨૮મીને સોમવારના રોજ છે. ધનતેરસ તા.૨૯મીને મંગળવારના રોજ, કાળી ચૌદસ તા.૩૦મીને



બુધવારના રોજ છે. દિવાળી તા.૩૧મીને ગુરૂવારે છે. નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૧ અનલ સંવત્સરે તા.૨જી નવેમ્બરે શનિવારના રોજ શરૂ થશે. તા.૩ નવેમ્બરે રવિવારના રોજ ભાઈ-બીજ, તા.૬નવેમ્બરના બુધવારે લાભપાંચમ સુધી ઉત્સવ ઉજવાશે.

## વિશ્વની ટોચની ૫૦ કંપનીઓમાં ભારતની એક પણ નહી

નવી દિલ્હી, તા.૧૯:

દેશની સૌથી મૂલ્યવાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર છેલ્લા ત્રણ મહિનામાં લગભગ ૧૬ ટકા તૂટયા છે. આ કારણે તે વિશ્વની ટોચની ૫૦ કંપનીઓની યાદીમાંથી બહાર થઈ ગઈ છે. મુકેશ અંબાણીની કંપની વિશ્વની ટોચની કંપનીઓની યાદીમાં ૫૭માં સ્થાને સરકી ગઈ છે. તેનું માર્કેટ કેપ લગભગ $૨૨૦.૦૫ બિલિયન છે. આજે કંપનીના શેર BSE પર ૦.૬૪%ના વધારા સાથે રૂ. ૨૭૩૦.૭૫ પર ટ્રેડ કરી રહ્યા છે. આ સાથે કંપનીનું માર્કેટ કેપ ૧૮,૪૭,૮૨૧.૫૫ કરોડ રૂપિયા છે. તેની ૫૨ સપ્તાહની ઊંચી સપાટી રૂપિયા ૩,૨૧૭.૯૦ છે.

અમેરિકન આઈફોન મેન્યુફેકચરિંગ કંપની એપલ માર્કેટ કેપની દ્રષ્ટિએ વિશ્વની સૌથી મોટી કંપની છે. તેનું માર્કેટ કેપ $૩.૫૩૫ ટ્રિલિયન છે. પરંતુ તેની સ્થિતિ Nvidia તરફથી જોખમમાં છે. AI ચિપ નિર્માતા Nvidia નું માર્કેટ કેપ $૩.૩૮૮ ટ્રિલિયન સુધી પહોંચી ગયું છે. માઈક્રોસોફ્ટ આ યાદીમાં ૩.૧૦૧ના માર્કેટ કેપ સાથે ત્રીજા સ્થાને છે. ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ $૧.૯૮૭ ટ્રિલિયન સાથે ચોથા સ્થાને છે. અમેરિકાની અગ્રણી ઈ-કોમર્સ કંપની એમેઝોન ઈ૧.૯૭૪ ટ્રિલિયન સાથે પાંચમા સ્થાને છે. આ રીતે ટોપ પાંચમાં તમામ કંપનીઓ અમેરિકાની છે.

## અમદાવાદમાં તમામ પોલીસ કર્મીઓ માટે હેલ્મેટ ફરજીયાત

અમદાવાદ તા.૧૯

અમદાવાદ પોલીસ કમિશ્નરે નાગરીકોની સુરક્ષા માટે મહત્વનો આદેશ જાહેર કર્યો છે. ત્યારે ટ્રાફીકનાં કારણે અવારનવાર થતા અકસ્માતને રોકવા જ મહત્વનું પગલુ ભર્યું છે. જેમાં અમદાવાદ શહેર પોલીસ તંત્રમાં ફરજ બજાવતા તમામ પોલીસ અધિકારી કર્મચારી અને સિવીલીયન સ્ટાફે ટુ વ્હીલર વાહન ચલાવતી વખતે ફરજીયાત હેલ્મેટ પહેરવાનું રહેશે. તમામ પોલીસ કર્મચારીઓએ યુનિફોર્મ અથવા સિવીલ ડ્રેસમાં ફરજ સ્થળે કે અન્યત્ર ટુ-વ્હીલર પર ફરજીયાત હેલ્મેટ પહેરવાનું ફરજીયાત રહેશે.સુપરવાઈઝરી અધિકારીઓ અને ઈન્ચાર્જો માટે પણ હેલ્મેટ ફરજીયાત કરાયું છે. તમામ પોલીસ સ્ટેશન, શાખા અને યુનિટનાં પ્રવેશદ્વાર પર હેલ્મેટની ચકાસણી કરાશે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે યોગ્ય કાર્યવાહી કરાશે.

## છેલ્લા એક સપ્તાહમાં દેશની વિવિધ એરલાઈન્સને બોંબ મુકાયાની ૪૦ ધમકી મળી : એક ધમકી રૂા. ૩ કરોડમાં પડે છે

નવી દિલ્હી તા. ૧૯

એર ઈન્ડિયાની બોઈંગ-૭૭૭ મુંબઈથી ૧૬ કલાકથી ન્યુયોર્કની નોનસ્ટોપ સફર માટે ૧૩૦ ટન જેટ ફયુલ સાથે રવાના થાય છે અને તે હજુ આકાશમાં હજું બે કલાક જ રહ્યું હતું. તે સમયે જ એરપોર્ટ પર એક નનામાં કોલ આવે છે કે એર ઈન્ડિયાની એક ફલાઈટમાં બોમ્બ છે. ન્યુયોર્ક જતી ફલાઈટને એઆઈ ૧૧૯ ને તુર્તજ ડાયવર્ટ કરીને મુંબઈ પરત આવવા જણાવાયું છે અને પ્રવાસના બે કલાકમાં જ તેને વળતી મુસાફરી શરૂ કરવી પડી રહી છે.

૨૫૦ ટન વજનના આ બોઈંગ બી ૭૭૭નું પેસેન્જર અને સામાન સાથેનું કુલ વજન ૩૫૦ ટન થાય છે અને બે કલાક પછી ૧૦૦ ટન ઈંધણ તેને લેન્ડીંગ પુર્વે હવામાં ડમ્પ કરવું પડે અથવા ચકકર લગાવીને તે વાપરી નાખવું પડે છે. જેનો ભાવ પ્રતિ ટન રૂા.૧ લાખ જેટલો થાય છે અને તેથી રૂા.૧ કરોડનું ફયુલ તેના માટે વેસ્ટેજ જ સાબીત થાય છે. આ ઉપરાંત અણધાર્યા લેન્ડીંગ, પાર્કીંગ અને ૨૦૦ મુસાફરોને હોટેલમાં રાખવા ભોજન વગેરેની વ્યવસ્થા કરવી અને તેઓ જો કોઈ આગળની મુસાફરીના કનેકશન ચૂકી જાય કે અન્ય સમસ્યા સર્જાય તો તેનું વળતર ચૂકવવું પડે છે અને વિમાનને ફરી ઉડાન માટે લઈ શકાય તે પુર્વે તેને પુર્ણ રીતે સલામત હોવાની પ્રક્રિયા કરવી પડે છે. તથા મુસાફરોને નવી ફલાઈટથી ન્યુયોર્ક લઈ જવા પડે તો પાઈલોટ-ક્રુ મેમ્બરની નવી ટીમને ડયુટી આપવી પડે છે અને જે મુસાફરોએ ન્યુયોર્કથી વળતી મુસાફરીની ટિકીટ બુક કરાવી હોય તેઓની પણ ચિંતા કરવી પડે છે. ગત રવિવાર બાદ એક સપ્તાહમાં આ રીતે ૪૦ ધમકીઓ મળી હતી.

## પ્રતિબંધિત સંગઠન પીએફઆઈ અંગે ઈડીનો ઘટસ્ફોટ : ભારતમાં ગૃહયુધ્ધ અને ઈસ્લામીક સ્ટેટ સ્થાપવાનો હેતુ : ૧૩૦૦૦ સક્રિય સભ્ય



નવી દિલ્હી, તા.૧૯:

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડીયા PFI મામલે મોટો ખુલાસો કર્યો છે. ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે PFIનું વિદેશમાં મોટું નેટવર્ક છે. સિંગાપોર અને ગલ્ફ દેશોમાં PFIના ૧૩ હજારથી વધુ સક્રિય સભ્યો છે. PFIએ આ દેશોમાં નાણાં એકત્ર કરવા માટે એક સમિતિની રચના કરી હોવાનું પણ બહાર આવ્યું છે, જે નાણાં એકત્ર કરીને ભારત મોકલે છે. અહીં આ પૈસાનો ઉપયોગ આતંકવાદી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં થાય છે. પીએફઆઈનો વાસ્તવિક ઉદ્દેશ્ય જેહાદ દ્વારા ભારતમાં ઈસ્લામિક રાજ્યની સ્થાપના કરવાનો છે.

મની લોન્ડરિંગ કેસમાં ચાલી રહેલી તપાસમાં ઈડીએ અત્યાર સુધીમાં ૯૪ કરોડ રૂપિયાની ગુના સંબંધિત સંપત્તિ શોધી કાઢી છે. ત્રણ વર્ષમાં એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટે PFI સાથે જોડાયેલા ૨૬ લોકોની ધરપકડ કરી છે. આ દરમિયાન ઈડીએ પ્રતિબંધિત સંગઠન PFI પર મોટો ખુલાસો કર્યો છે. ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે PFI ના ૧૩૦૦૦ સક્રિય સભ્યો હજુ પણ વિદેશમાં હાજર છે. સૂત્રોનું માનીએ તો દેશમાં PFI ને મજબૂત બનાવવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.

આ સંગઠન ભારતમાં જેહાદ થકી ઈસ્લામી આંદોલન ઉભુ કરવા પ્રયાસ કરી રહેલ છે. જેમાં ક્રુરતા અને દમનની વિવિધ રીત ઉપરાંત હવાઈ હુમલા - ગેરીલા હુમલાનો સમાવેશ થાય છે.

તેમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે PFI સર્કિટસ બેંકિંગ ચેનલો તેમજ અંડરગ્રાઉન્ડ હવાલા ચેનલો દ્વારા ભારતમાં ફંડ ટ્રાન્સફર કરી રહ્યું છે. જેથી મની ટ્રેઈલ શોધી શકાય નહીં. પીએફઆઈ અને તેના પદાધિકારીઓને પછી તેમના આતંકવાદી ધિરાણ અને ગેરકાયદેસર પ્રવળત્તિઓ માટે સોંપવામાં આવી શકે છે.

## કેનેડા બોર્ડર સર્વિસનાં એક અધિકારીનો ભારતે ભાગેડુ આતંકવાદીની યાદીમાં સમાવેશ કર્યો : સંબંધો વધુ બગડયા



નવી દિલ્હી, તા. ૧૯

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો સતત બગડી રહ્યા છે. ભારતે કેનેડા બોર્ડર સર્વિસ એજન્સીના એક અધિકારીને ભાગેડુ આતંકીની યાદીમાં સામેલ કર્યા છે. આ યાદીમાં જે અધિકારીનું નામ સામેલ કરવામાં આવ્યું છે તેની ઓળખ સંદીપ સિંહ સિદ્ધુ તરીકે થઈ છે. આ ભાગેડુ આતંકીને ભારત મોકલવાની માંગ કરાઈ છે. ખાલિસ્તાની આતંકી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ ભારત અને કેનેડા વચ્ચે લાંબા સમયથી રાજદ્વારી વિવાદ ચાલી રહ્યો છે. આ કારણે ભારતે કેનેડામાંથી તેના રાજદ્વારીઓને પાછા બોલાવ્યા અને કેનેડાના રાજદ્વારીઓને પણ દેશનિકાલ કર્યા છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો અને રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે આક્ષેપ કર્યો હતા કે, કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિકો સામે ગુનાહિત પ્રવૃત્તિઓમાં ભારત સરકારના એજન્ટો સામેલ છે. દરમિયાન ખાલિસ્તાની આતંકીઓ સામેની લડાઈ અને યુએસ અને કેનેડામાં શીખ ફોર જસ્ટિસના નેતૃત્વ હેઠળ ખાલિસ્તાની લોકમતનો વિરોધ કર્યો હતો.

## બિહારમાં પૂરપાટ ઝડપે દોડતી કારે પાંચ કાવડીયાને કચડી નાખ્યા


બિહાર, તા.૧૯

બિહારના બાંકામાં પૂરપાટ ઝડપે આવતી કારે કાવડયાત્રીઓને હડફેટે લીધા હતા. જેમાં ૫ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. જોકે, મૃત્યુઆંક વધી શકે છે. દુર્ઘટના બાદ ઘટનાસ્થળે પહોંચેલા એસડીએમ અવિનાશ કુમારે જણાવ્યું હતું કે, 'ઘટનાની માહિતી મળતાં જ પોલીસ-પ્રશાસનના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનામાં ૧૦ વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે. પાંચ લોકોના મોત થયા છે, જેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. પરિસ્થિતિ શાંતિપૂર્ણ છે અને વહીવટીતંત્ર સંપૂર્ણ સહકાર આપી રહ્યું છે.

પોલીસના જણાવ્યાનુસાર, શુક્રવારે રાત્રે બાંકા જિલ્લામાં પૂરપાટ ઝડપે આવતી કારે કાવડયાત્રીઓને હડફેટે લીધા હતા. જેમાં પાંચ કાવડિયાઓના મોત થયા હતા અને અન્ય ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તમામ કાવડયાત્રીઓ સુલતાનગંજથી ગંગાજળ લઈને જૈષ્ટગોરનાથ મહાદેવ મંદિર જઈ રહ્યા હતા. આ ઘટના બાદ રોષે ભરાયેલા ગ્રામજનોએ પોલીસ વાહનને પણ આગ ચાંપી દીધી હતી. માહિતી મળતા જ જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ભીડને શાંત કરી હતી.

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાંઆવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

ઈલેકટ્રીક એન્ડ સેલ્સ સર્વિસ
ખૂબજ વ્યાજબી ભાવમાં અને ખૂબજ સારી સર્વિસ
મોહિત ગોહેલ
મો. ૮૮૬૬૭ ૯૫૨૫૪
વિહોત કૃપા મોટર રીવાઈન્ડીંગ
સ્ટાટર, સબમર્શીબલ પંપ, સેલપ્રાયમીંગ, પંખા, ઓટોલેબલ સેન્સર વગેરે...
શોપ નં.૨, થાણા રોડ, શીતળા કુંડવાળી ગલી, વૃંદાવન એપાર્ટ મેન્ટ, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે
PARDAWALA
બેડરૂમ સેટ
મોડયુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુ:ખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.
"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓક્સિજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારો કરે છે.
"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.
"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાન લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.
KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુ:ખાવા તથા સાંધાના દુ:ખાવા કમર, ધુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


# ૨૫ ઓક્ટોબર સુધી જૂનાગઢ ચોબારી ફાટક સરફેસ રીપેરીંગની કામગીરી સબબ રાત્રીના ૮થી સવારના ૬ વાગ્યા સુધી વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ મુકાયો

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢના ચોબારી ફાટક સરફેસ રીપેરીંગની કામગીરી સબબ વાહનોની અવરજવર માટે જૂનાગઢ જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ એન.એફ.ચૌધરી દ્વારા એક જાહેરનામું ફરમાવીને પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જૂનાગઢ ચોબારી ફાટક સરફેસ રીપેરીંગની કામગીરી સબબ રસ્તા બંધ કરવાની આવશ્યકતા હોય જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને કોઈ ટ્રાફિક જામ કે સમસ્યા ન ઉદભવે તે માટે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામા મુજબ તાત્કાલિક અસરથી રાત્રીના ૮ થી સવારના ૬ સુધી દૈનિક ધોરણે આગામી ૨૫-૧૦-૨૦૨૪ સુધી વાહનો ની અવરજવર ઉપર પ્રતિબંધ રહેશે તથા તેના વૈકલ્પિક રૂટ માટે સોમનાથ, પોરબંદર, વંથલી, કેશોદ તરફથી આવતા ભારે વાહનો માટે મધુરમ ગેઈટ થઈ મોતીબાગ સરદારના બાવલા થઈ આયુર્વેદિક કોલેજ, ગિરનાર દરવાજા, મજેવડી ગેટથી નાના મોટા ભારે વાહનો તેમજ મોટી બસો પસાર થઈ ધોરાજી રાજકોટ તરફ આવક જાવક કરી શકશે અને ટુ-વ્હીલર તેમજ ફોર વ્હીલર જેવા વાહનો મોતીબાગ થી શહેર વિસ્તાર થઈ પસાર થઈ શકશે તેમજ રાજકોટ, ધોરાજી, સાબલપુર ચોકડી તરફથી આવતા ભારે વાહનો માટે કેશોદ, સોમનાથ, પોરબંદર જવા માટે નવા બનેલ બાયપાસ રોડ નો ઉપયોગ કરી શકશે તેમજ ટુ-વ્હીલર ફોર વ્હીલર જેવા વાહનો મજેવડી દરવાજાથી શહેર વિસ્તાર થઈ પસાર થઈ શકશે સાથે ઝાંઝરડા રોડ ઉપર આવેલ અંડર બ્રિજથી ચોબારી રોડથી બાયપાસ તરફના રોડ ઉપર તમામ પ્રકારના વાહનો માટે અવરજવર પ્રવેશ બંધ છે ત્યારે ઝાંઝરડા રોડ થઈ ઝાંઝરડા ચોકડી બાયપાસ તરફનો રોડ ઉપર ફક્ત ટુ-વ્હીલર ફોરવ્હીલર જેવા વાહનો અવરજવર કરી શકશે.

## માંગરોળ તાલુકાના દિવાસા ગામના વૃધ્ધનો ગળાફાંસો ખાઈને આપઘાત : અરેરાટી

જૂનાગઢ,તા.૧૯:

જૂનાગઢ જીલ્લાના માંગરોળ તાલુકાનાં દિવાસા ગામના વૃધ્ધએ ગળાફાંસો ખાઈને આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

આ અંગે પોલીસમાંથી મળતી વિગતો અનુસાર, માંગરોળ તાલુકાના દીવાસા ગામે રહેતા જાદવભાઈ વેજાનંદભાઈ ડાકી (ઉ.વ.૬૦) નામના વૃધ્ધે દિવાસા ગામનાં રાતડા વાડી વિસ્તારમાં ઝાડ સાથે દોરડુ બાંધી લટકી જઈ ગળાફાંસો ખાઈ લીધો હતો. આ અંગેની જાણ થતા શીલ પોલીસે દોડી જઈને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વૃધ્ધના આપઘાત પાછળનું કારણ બહાર નહીં આવતા એએસઆઈ ડી.એ.ડોડીયાએ તપાસ હાથ ધરી છે.

## પાસ્તર ગામે મોરને ઘાયલ કરતા શ્વાન : પશુ સંસ્થા દ્વારા અપાયું નવજીવન



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ભાણવડ તાબેના પાસ્તર ગામે એક મોરને શ્વાન દ્વારા ઘાયલ કરાતા આ મોર ઈજાગ્રસ્ત થયો હતો. આ અંગે સ્થાનિકોએ આ ઘાયલ મોરને છોડાવીને જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ લવર્સ ગૃપને જાણ કરતા અશોકભાઈ ભટ્ટ તથા ટીમના અન્ય સભ્યો સ્થળ ઉપર દોડી ગયા હતા અને ઈજાગ્રસ્ત મોરને જરૂરી સારવાર આપી હતી. ત્યાર બાદ આ મોરને વધુ સારવાર અર્થે ગણેશગઢ ગામે આવેલી જીવદયા હોસ્પિટલ ખાતે રીફર કરી, અને ઘાયલ મોરને નવજીવન અપાયું હતું.

## જૂનાગઢમાં ૧૮ હજારની કિંમતનો મોબાઈલ શોધી આપતી નેત્રમ શાખા

જૂનાગઢ,તા.૧૯:

જેતપુરના આસીફભાઈ અનુભાઈ ખોખર જરૂરી કામ માટે ઓટો રીક્ષા લઈ જૂનાગઢ આવેલ હોય, અને તેમનો મોબાઈલ રૂા.૧૮૦૦૦ની કિંમતનો મજેવડી ગેઈટ પાસે આવેલ પેટ્રોલપંપે ઉભા હોય તે દરમ્યાન ઓટો રીક્ષામાંથી પડી ગયેલ હોય, અને આ મોબાઈલ અંગે પેટ્રોલપંપે પણ ફરીથી ચેક કરેલ તેમજ આજુબાજુ પણ તપાસ કરેલ હતી પરંતુ મોબાઈલ ફોન મળી આવેલ નહીં. દરમ્યાન આ મોબાઈલ ખોવાયા અંગેની જાણ નેત્રમ શાખાને કરવામાં આવી હતી. નેત્રમ શાખાના પીએસઆઈ પી.એચ. મશરૂ અને સ્ટાફે વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરાથી ગણતરીના કલાકોમાં જ ભાળ મેળવી હતી અને એક છકડો રીક્ષા ચાલક આ મોબાઈલ ફોન ઉઠાવી લેતો ધ્યાને આવતા નેત્રમ શાખા દ્વારા આ છકડો રીક્ષા ચાલકનો સંપર્ક કરી અને તેને ઠપકો આપેલ તેમજ આ મોબાઈલ મુળ માલિકને પરત આપવામાં આવ્યો હતો. પોલીસની આ કામગીરીથી અરજદારે પ્રભાવિત થઈ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા દ્વારા ઉજવવામાં આવ્યો ભવ્ય રસોત્સવ





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૯

દ્વારકાના દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનવૃત્તિ કરનારા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારકા દ્વારા ગઈકાલે દ્વારકાના સ્વામિનારાયણ મંદિર મેદાનમાં શરદ પૂર્ણિમા નિમિત્તે ભવ્ય રસોત્સવ ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે દ્વારકા પી.આઈ જોષીસર,પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય,સહમંત્રી ચેતનભાઈ ઠાકર સહિત કારોબારી સદસ્યો,મધ્યસ્થસભા સદસ્યો, સામાજિક કાર્યકરો,મહિલા મંડળ સદસ્યો વગેરે વિશેષ ઉપસ્થિત રહ્યા. દીપ પ્રાગટ્ય બાદ દ્વારકાના પ્રખ્યાત ગાયક કલાકાર ભાર્ગવભાઈ ઠાકર બરોડાના ગાયક કલાકાર રીયાબેન બારોટ,દ્વારકાના શ્રી રાધે મ્યુઝિક ગ્રુપના ધવલભાઈ દવે,પાર્થભાઈ દવે તેમજ પ્રખ્યાત રિધમિષ્ઠ નરેશભાઈ જેઠવા અને પ્રતિકભાઈ વાયડા તેમજ શ્રી રાધે મ્યુઝિકલ ટીમ દ્વારા સંગીતના તાલે મધુર કંઠે ખેલૈયાઓને રસ તરબોળ કરવામાં આવ્યા હતા. જુનિયર અને સિનિયર બંને કેટેગરીમાં પ્રિન્સ અને પ્રિન્સેસના પ્રથમ,બીજો અને ત્રીજો અનુક્રમે ઈનામો તેમજ સિનિયર સિટીઝન બેસ્ટ પર્ફોર્મન્સ બેસ્ટ કપલ બેસ્ટ ડ્રેસીસ સાથે તમામ ખેલૈયાઓને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવ્યા આ પ્રસંગે સમગ્ર વ્યવસ્થા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવી વિશેષમાં જ્ઞાતિ સમિતિ દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારકા શ્રી રાધે મ્યુઝિક દ્વારકા પ્રખ્યાત ગાયક ભાર્ગવભાઈ અને રીયાબેન જ્ઞાતિ મહિલા મંડળ સહિત તમામ જ્ઞાતિજનોનો આભાર માનવામાં આવ્યો.

## રેલ્વે અને NDRF દ્વારા રાજકોટમાં મોકડ્રીલનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૯

ભારત સરકારના ગૃહ મંત્રાલય અને રેલ્વે મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ સમયપત્રક મુજબ તા.૧૮-૧૦-૨૦૨૪ના રોજ રાજકોટ ડિવિઝન દ્વારા રાજકોટ સ્ટેશન યાર્ડ ખાતે "મેજર મોક ડ્રીલ એક્સરસાઈઝ"નું આયોજન કરવામાં આવ્યું હતું. એનડીઆરએફની ટીમ, જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ, જીઆરપી, ફાયર, તબીબી સેવાઓ અને અન્ય તમામ ઈમરજન્સી સેવાઓએ તેમાં ભાગ લીધો હતો. રાજકોટના સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર આર.સી. મીણાના જણાવ્યા મુજબ, રાજકોટ મોક ડ્રીલ માટે જરૂરી અકસ્માત દ્રશ્ય તૈયાર કરવામાં આવ્યું હતું અને રેલ્વે કંટ્રોલ દ્વારા પ્રોટોકોલ મુજબ દરેકને "ઈમરજન્સી મેસેજ" આપવામાં આવ્યો હતો. જેમાં એક પેસેન્જર ટ્રેનનો અકસ્માત નોંધાયો હતો જેના કારણે કેટલાક મુસાફરો અને રેલવે ના મેન્ટેનન્સ સ્ટાફ ઘાયલ થયા હતા. તેમાં તમામ હિતધારકોની ભાગીદારી હતી અને દરેકે પ્રોટોકોલ મુજબ યોગદાન આપ્યું હતું. આ માટે એનડીઆરએફની ટીમ વડોદરાથી મોકલવામાં આવી હતી. ડિવિઝનમાં સમય-સમય ઉપર આ પ્રકારની મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે, જેમાં તમામ વિભાગોની તૈયારી જોવા મળે છે.



# પોરબંદર : ભીમા દુલા ઓડેદરાના રીમાન્ડ કોર્ટે નામંજુર કરતા જેલ હવાલે



(પ્રકાશ પંડિત દ્વારા)

આદિત્યાણા તા.૧૯

ગઈકાલે બોરીચા ખાતે મારામારી, કાવતરા, હથીયાર સહિતના ગુનામાં અટકાયત કરેલ મહેર અગ્રણી અને ગેંગસ્ટર ભીમાભાઈ દુલાભાઈ ઓડેદરાને પોલીસે ૩ દિવસની રીમાન્ડ માંગણી સાથે મોડી સાંજના કોર્ટમાં રજુ કરેલ જયાં ભીમા દુલાના વકીલ ભરતભાઈ લાખાણીની દલીલો ગ્રાહય રાખી કોર્ટે રીમાન્ડની માંગણી નામંજુર કરી ભીમા દુલાને જેલ હવાલે કરવાનો હુકમ કરેલ હતો.

બનાવની વિગતો જોઈએ તો ગઈકાલે બોરીચા ગામે એકાદ મહિના પહેલા મારામારીનો બનાવ બનેલ તે અનુસંધાને માલધારી શખ્સને માર મારનાર શખ્સો જયમલ ઓઘડ કારાવદરા અને વનરાજ રામાભાઈ ઓડેદરાને પોરબંદર પોલીસે પકડી લેતા આ બંને શખસોએ તેની સાથે સામેલ મસરી લખમણ ઓડેદરાનું નામ પણ આપેલ અને આ શખ્સ ભીમા દુલા ઓડેદરાની વાડીએ હોવાનું જણાવેલ તેમજ આ બનાવમાં ભીમા દુલા ઓડેદરાના કહેવાથી માલધારી શખ્સને મારમારવામાં આવેલ તેવું કબુલતા પોરબંદર એસપી ભગીરથસિંહ જાડેજા તેમજ ડીવાયએસપી સહિત એલસીબીની ટીમે તેમજ પોલીસ સ્ટાફે વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં ભીમા દુલાની વાડીએ સર્ચ ઓપરેશન કરેલ જેમાં ભીમા દુલા તથા મસરી ઓડેદરા બંને મળી આવેલ અને સાથે લાકડીઓ, ભાલાઓ, તલવાર સહિતના હથીયારો પણ મળી આવેલ સાથો સાથ પિસ્તોલો પણ મળી આવેલ દારૂની બોટલો મળી આવેલ અને અંદાજે એકાણુ લાખનું રોકડ પણ મળેલ.

આ બાબતે ગઈકાલે એસપીએ પત્રકાર પરિષદ સંબોધી જણાવેલ કે જે ત્રણ વેપન્સ મળેલ તે તો ભીમા દુલાના દીકરા લખમણ ઓડેદરા તેમજ પુત્રવધુ સંતોકબેન અને પત્ની રૂડાબેનના પરવાનાવાળા હથીયાર હોવાનું જાણવા મળેલ છે અને ભીમા દુલા સામે ૧૯૭૫થી ૨૦૧૧ સુધી ૪૮ જેટલા ગુન્હાઓ પણ નોંધાયેલ છે અને પકડાયેલ રોકડ બાબતે ઈન્કમટેકસ વિભાગને જાણ કરવામાં આવેલ છે. ભીમા દુલા સામે ૭૦ અને ૮૦ના દાયકામાં પાંચ મર્ડર, ડબલ મર્ડર અને ટાડા સહિતના ગુના નોંધાયા છે.

# માંગરોળ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૧૯

માંગરોળ ખાતે સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં પીએમ જનમન યોજના અંતર્ગત માંગરોળ તાલુકામાં વસતા સીદી આદીવાસી આદીમ જુથના લોકો માટે આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સરકાર દ્વારા અપાતી દરેક પ્રકારની સહાયોના ફોર્મ ભરવામા આવેલ, હેલ્થ સ્વાસ્થ્ય ને લગતા દરેક પ્રકારના લાભો અહીં મળી રહે તેવી વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. સિદી મહિલા વિકાસ મંડળના પ્રમુખ બીલકીશબેન મકવાણા દ્વારા અહીં વસવાટ કરતા લોકોને જાગૃત કરીને આ સેવા સેતુના લાભો અપાવેલ, સાથે અહીંના અધીકારીઓ અને તંત્રએ પણ લોકોને પડતી મુશ્કેલીનું સમાધાન અહીં સેવા સેતુમાં જ નિકાલ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર, મામલતદાર, અન્યાય ઓફિસર, સિદી, આદિવાસી વિકાસ મહિલા મંડળ પ્રમુખ બીલકિસબેન આઈ. મકવાણા હાજર રહ્યા હતા.


સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
નવરાત્રી માટે ખાસ...
આખા સૌરાષ્ટ્રમાંથી આવકારાયું છે
તેમજ ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીલ આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

જોઈએ છે
સરકાર માન્ય કોન્ટ્રાકટરની ઓફીસ માટે અનુભવી
● ઈલેકટ્રીકલ એન્જીનીયર
GETCO ના પ્રોજેકટ વર્ક ટેન્ડર તથા બીલ બનાવવાના અનુભવી
● એકાઉન્ટન્ટ
Tally, MS Office ના અનુભવી
Krishna Electricals-Junagadh
E-mail : krishnaelectricalsjnd@gmail.com
Mo.98983 88933

રોયલ ગેસ સ્ટવ
૧/૨/૩/૪ બર્નર ના L.P.G. અને P.N.G. ઘર વપરાશના ગેરેન્ટી વાળા ચુલા
દરેક કંપનીના મોડેલ માત્ર અમારે ત્યાં
વિશાળ રેન્જ ધરાવતું એક જ નામ એટલે જ
રોયલ ગેસ સ્ટવ
એક્સચેન્જ ઓફર નો લાભ મળશે
જુના ચુલાનું વળતર મળશે
ઘરબેઠા રીપેરીંગ માટે સુવિધા મળશે
માંડવી ચોક, મોટી શાક માર્કેટ પાસે, મકન ગાંધીની દુકાન સામે, જૂનાગઢ
મો.૮૮૬૬૦ ૨૭૬૧૩

# સુદ્રઢ ઔધોગિક અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો કેપિટલ - પેટ્રો હબ બન્યું

## કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની દેશની કુલ નિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ : કેન્દ્ર સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર્સ મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટરમાં અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, સુદ્રઢ ઔધોગિક અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો કેપિટલ - પેટ્રો હબ બની શક્યુ છે.

મુખ્યમંત્રીએ ૨૦૨૩-૨૪ના વર્ષમાં દેશમાંથી કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની કુલ નિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય બન્યુ છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ભારત સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદના ૧૩માં સંસ્કરણમાં સહભાગી થયા હતા. કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ તથા કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર મંત્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યમંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલ તેમજ મધ્યપ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીશ્રીઓ પણ ઈન્ડિયા કેમ-૨૦૨૪માં જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં લીડીંગ સ્ટેટ તરીકે મેળવેલી ઉપલબ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ આ કોન્ફરન્સમાં કરી હતી.

તેમણે કહ્યુ કે, વડાપ્રધાનના વિઝનથી ગુજરાતમાં આકાર પામેલો દહેજ PCPIR વર્લ્ડ કલાસ ફેસેલિટીઝ સાથે કેમિકલ્સ-પેટ્રોકિમિકલ્સ ઉદ્યોગો માટે સાનુકૂળ માહોલ સર્જનારો બન્યો છે. એટલું જ નહિ, ડાઈઝ અને ઈન્ટરમિડીયેટ્સના પ્રોડકશનમાં ગુજરાત ૭૫ ટકા જેટલું યોગદાન આપે છે. તેમજ બેઝિક કેમિકલથી લઈને સ્પેશ્યલાઈઝ્ડ કેમિકલ, પોલીમર, ફર્ટીલાઈઝર, ડાઈઝ અને પિગમેન્ટ્સ જેવા સેક્ટરમાં ગુજરાતે મહારથ હાંસલ કરી છે એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ વર્ષની વાયબ્રન્ટ સમિટમાં કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં પાંચ લાખ ૩૪ હજાર કરોડના રોકાણો સાથેના ૩૨૫૬ પ્રોજેક્ટસ રાજ્યમાં આવ્યા છે. તેમણે વડાપ્રધાનના વિઝન ''મેઈક ઈન ઈન્ડિયા, મેઈડ ફોર ધ વર્લ્ડ''ના મંત્ર અને પર્યાવરણની જાળવણી સાથે કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ સેક્ટરને આત્મનિર્ભર બનાવવામાં આ ઈન્ડિયા કેમ-૨૦૨૪ સમિટ ઉપયુક્ત બનશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. આ સમિટમાં ભારત સરકારના કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ વિભાગના સચિવ, વરિષ્ઠ અધિકારીઓ, ફિક્કીના નેશનલ કેમિકલ કમિટીના ચેરમેન દિપક મહેતા, ચેરમેન પ્રભદાસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નિખીલ મેસવાણી સહિત કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્ડસ્ટ્રી સેક્ટરના અગ્રણી ઉદ્યોગકારો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સમગ્ર રાજ્યમાં મામલતદાર કચેરીથી લઈને કલેકટર કચેરી સુધી તમામ ફાઈલ પ્રક્રિયા 'ઈ- સરકાર' મારફતે અમલીકરણ કરનારો પ્રથમ જીલ્લો જૂનાગઢ

## જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની વહીવટી પ્રક્રિયાને પેપરલેસ, ઝડપી અને સરળ બનાવવાની નેમને સફળતા : કલેકટર, પ્રાંત, મામલતદાર સહિતની કચેરીઓનો પત્ર વ્યવહાર અને ફાઈલ પ્રક્રિયા 'ઈ - સરકાર' મારફત : વિનાવિલંબે થતી વહીવટી પ્રક્રિયાઓ

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લો સમગ્ર રાજયમાં 'ઈ - સરકાર'ના અમલમાં અગ્રેસર બન્યો છે. જિલ્લાની કલેકટર, પ્રાંત, મામલતદાર સહિતની કચેરીઓનો પત્ર વ્યવહાર હવે સંપૂર્ણપણે ઈ - સરકાર એપ્લિકેશન મારફત થઈ રહ્યો છે એટલે કે, કોઈપણ સરકારી કાગળ સંબંધિત અધિકારીઓને રીયલ ટાઈમ મળી રહ્યો છે.

જૂનાગઢ જિલ્લામાં ખાસ કરીને મહેસુલ વિભાગ સંબંધીત તમામ પત્ર વ્યવહાર ઈ - સરકારના માધ્યમથી થઈ રહ્યો છે. જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ વહીવટને પેપરલેસ ઝડપી અને સરળ બનાવવા માટે ટેકનોલોજીના ઉપયોગ પર વિશેષ ભાર આપી રહ્યા છે. તેમણે જિલ્લાના મહેસુલ વિભાગના અધિકારી કર્મચારીઓને 'ઈ - સરકાર' પ્રોજેકટના અમલ માટે તાલીમબદ્ધ કર્યા સાથે જ પેપરલેસ અને ઝડપી વહીવટી પ્રક્રિયા માટે પ્રોત્સાહિત પણ કર્યા હતા. જેના પરિણામે આજે પત્ર વ્યવહારમાં બિનજરૂરી વિલંબ ટળ્યો છે અને પ્રજાલક્ષી કામોને નવો વેગ મળ્યો છે. આમ, જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની વહીવટને પેપરલેસ, ઝડપી અને સરળ બનાવવાની નેમને સફળતા મળી છે અને જૂનાગઢ જિલ્લો મહેસુલી કામગીરી 'ઈ - સરકાર' મારફત કરવામાં રાજયમાં ટોચના સ્થાને છે. જિલ્લામાં ઈ - સરકાર પ્રોજેકટની અમલવારી માટે કલેકટરે પ્રાંત અને મામલતદાર કચેરીના કાગળોને સ્કેનિંગ માટે સ્કેનર સહિતના સાધનોની ત્વરિત ફાળવણી પણ કરી હતી. ઉપરાંત જિલ્લાની મહેસુલ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં 'ઈ - સરકાર' થકી પત્ર વ્યવહાર કરવામાં તે માટે જરૂરી સૂચનાઓ કલેકટરશ્રીએ આપી છે. ઉલ્લેખનીય છે કે, ઈ - સરકારમાં અધિકારીએ સહી પેનથી નહીં પણ **e-sign** મારફતે થાય છે. ઉપરાંત ઈ - સરકાર એપ્લિકેશનના માધ્યમથી વહીવટી પ્રક્રિયા પારદર્શી બને છે, સાથે જ પેન્ડિંગ કાગળોનું મોનિટરિંગ તથા સમીક્ષા કરવી સહેલું બને છે અને કોઈપણ ફિઝીકલ સરકારી ફાઈલની સાચવણી અને નિભાવણી માટે જગ્યા રોકાયેલી રહે છે, જેથી ફિઝીકલ ફાઈલની સાચવણીના પ્રશ્નોનું નિરાકરણ આ ઈ-સરકારની કામગીરી દ્વારા ખૂબ સરળતાથી સરળ બન્યુ છે.

# જાહેરમાં કચરો ફેકનાર આસામીઓ સામે મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા દંડનીય કાર્યવાહી

## શહેરીજનો દ્વારા વહેલી તકે ડસ્ટબીન મેળવી સુકો અને ભીનો કચરો અલગ અલગ કરી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન વાહનમાં અલગથી આપવા અપીલ

જૂનાગઢ, તા.૧૯

મહાનગરપાલિકા જુનાગઢમાં નોંધાયેલ મિલ્કત ધારકો કે જેને વર્ષ-૨૦૨૪-૨૫ ના વર્ષનો સંપૂર્ણ મિલ્કત વેરો ભરપાઈ કરેલ છે.તે તમામ મિલ્કત ધારકોને મહાનગરપાલિકા, જૂનાગઢ તરફથી મિલ્કત વેરો ભર્યાની ઓરીજનલ પહોંચ રજુ કર્યેથી જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સુકો કચરો અને ભીના કચરાની વિના મુલ્યે ૨-નંગ ૧૦ લીટર ડસ્ટબીન (બ્લુ અને લીલી)નું ઘર વેરા શાખાના વોર્ડ નં.૧ થી ૧૩ અને ૨૨ના શહેરીજનો માટે શહેરી મિલ્કત ધારકો માટે સ્થળ: શામળદાસ ગાંધી ટાઉનહોલ ખાતે તેમજ ઘર વેરા શાખાના વોર્ડ નં.૧૪,૧૫ અને ૧૬ના શહેરીજનો માટે દોલતપરા ઝોનલ ઓફીસ ખાતે અને ઘર વેરા શાખાના વોર્ડ નં.૧૭ અને ૧૮ના શહેરીજનો માટે જોશીપુરા ઝોનલ ઓફીસ (સોરઠ ભવન) ખાતે અને વોર્ડ નં.૧૯,૨૦ અને ૨૧ના શહેરીજનો માટે ટીંબાવાડી ઝોનલ ઓફીસ ખાતેથી વહેલી તકે ડસ્ટબીન મેળવી લેવી.

સ્વચ્છ મિશન ભારત (અર્બન)ની ગાઈડ લાઈન મુજબ આગામી દિવસોમાં તમામ નગરજનો પાસેથી સુકો અને ભીનો કચરો અલગ અલગ કરી ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન વાહનમાં અલગથી લેવામાં આવશે.શહેરીજનો દ્વારા સુકો અને ભીનો કચરો અલગ અલગ કર્યા વગર આપવામાં આવશે તો મહાનગર પાલિકા,જુનાગઢના ગાર્બેજ કલેકશન વાહનમાં સ્વીકારવામાં આવશે નહી.

આ ઉપરાંત કોઈ વ્યક્તિ કે આસામી દ્વારા જાહેરમાં કચરો ફેકતા સી.સી.ટી.વી. કેમેરામાં અથવા અધિકારી,કર્મચારીને જોવા મળશે તો મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે.જેની શહેરીજનોએ નોંધ લેવી.

# જૂનાગઢ જીલ્લામાં એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને મળશે આધાર આઈડીની જેમ ફાર્મર આઈડી

જૂનાગઢ, તા.૧૯

જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને એગ્રી સ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજીસ્ટ્રી તા.૧૫-૧૦-૨૦૨૪થી શરૂ પોતાના આધર કાર્ડ, આધાર લીંક મોબાઈલ અને સર્વે નંબર(૭/૧૨ અને ૮ નકલ) દ્વારા ખેડૂત જાતે રજીસ્ટ્રેશન કરી શકશે. જે ફાર્મર આઈ.ડી. ખેડૂતના સર્વે નંબર અને આધાર કાર્ડ લીક્ર હશે. ભારત સરકાર પીએમ કિસાનના આગામી ડિસેમ્બરના હપ્તા માટે જીલ્લાના તમામ ખેડુતોએ ૨૫ નવેમ્બર પહેલા પીએમ કિસાન લાભાર્થીએ ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરવાની રહેશે. આ નોંધણી વેબ પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન થી દરેક ગ્રામ પંચાયતમાં થશે અને ખેડૂતો જાતે પણ નોંધણી કરી શકશે. જિલ્લામાં તમામ ખેડૂતોએ ખેડૂત આઈ.ડી.ની નોંધણી કરવી ફરજિયાત જેમા ખોટી નોંધણી થશે રદ આ ફાર્મર રજીસ્ટ્રી હેઠળ ખેડૂતોને મળશે આંગળીના ટેરવે તેની તમામ જમીનની માલિકીની માહિતી વધુ માહિતી માટે તાલુકાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારી (ખેતી) તેમજ જે તે ગામના તલાટી કમ મંત્રી અને ગ્રામ સેવકનો સંપર્ક કરવા વિનંતી.

# મેરિલના 'ટ્રીટમેન્ટ જરૂરી હૈ' કેમ્પેઈને દર્દીઓમાં જાગૃતિ વધારવા માટે એમએસ ધોનીને ફીચર કરનારા એઆઈ-પાવર્ડ પર્સનલાઈઝ્ડ વીડિયો રજૂ કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૯

વિશ્વની અગ્રણી મેડિકલ ડીવાઈઝ કંપની મેરિલે તેના 'ટ્રીટમેન્ટ જરૂરી હૈ' (ટીઝેડએચ) કેમ્પેઈનનો બીજો તબક્કો લૉન્ચ કર્યો છે, જેમાં ખ્યાતનામ ક્રિકેટર એમએસ ધોનીનો એઆઈની મદદથી તૈયાર કરવામાં આવેલો પર્સનલાઈઝ્ડ વીડિયો મેસેજ રજૂ કરવામાં આવ્યો છે. આ નવા અભિગમનો ઉદ્દેશ્ય દર્દીઓને સમયસર તબીબી સારવાર લેવા માટે સક્ષમ બનાવવાનો તથા વિવિધ સારવાર સાથે સંકળાયેલા ભયને દૂર કરવાનો છે. એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરીને મેરિલ હેલ્થકૅર કમ્યુનિકેશનને વધુ પર્સનલાઈઝ બનાવી રહી છે અને અત્યાધુનિક તબીબી સારવારના મહત્વ પર પ્રકાશ પાડીને દર્દીઓને તેમની સુખાકારી માટે સક્રિય પગલાં લેવાની વિનંતી કરી રહી છે.

આ કેમ્પેઈન હૃદયની બીમારી, જોઈન્ટ રીપ્લેસમેન્ટ, બેરિયાટ્રિક સર્જરી વગેરે સહિતની વિવિધ બીમારીઓ અને સારવાર પર કેન્દ્રીત છે. તેમાં એ વાતને મહત્ત્વ આપવામાં આવ્યું છે કે, જો સ્વાસ્થ્યને લગતી તકલીફોનો બરાબર ઈલાજ કરવામાં ના આવે તો, તે ફક્ત દર્દીઓ સાથે પરિજનોને પણ અસર થાય છે. એમએસ ધોનીને સામેલ કરનારા પર્સનલાઈઝ્ડ વીડિયોનો ઉદ્દેશ્ય દર્દીઓને તેમની આશંકાઓનું સમાધાન મેળવવા તથા અત્યાધુનિક તબીબી સારવારની અસરકારકતા અને સલામતી પર વિશ્વાસ મૂકવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

### એઆઈ ટેક્નોલોજીની મદદથી વ્યક્તિગત સારવાર

ટીઝેડએચ કેમ્પેઈનના નવા તબક્કામાં કસ્ટમાઈઝ મેસેજ પહોંચાડવા માટે એઆઈ ટેકનોલોજીને સામેલ કરવામાં આવી છે, જેનાથી પ્રત્યેક દર્દીને એમએસ ધોનીએ સીધા તેમને સંબોધ્યાં એવી અનુભૂતિ થાય છે. પર્સનલાઈઝેશનનું આ લેવલ વધુ આકર્ષક અને પ્રભાવશાળી જોડાણ બનાવે છે, જે દર્દીઓને જરૂરી તબીબી સારવાર લેવા માટે પ્રેરિત કરવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ગણાતી ખાતરી આપે છે. આરોગ્યની વિવિધ સમસ્યાઓને અનુલક્ષીને એઆઈની મદદથી તૈયાર કરવામાં આવેલા આ વીડિયો એ વાતની ખાતરી કરે છે કે, દર્દીઓને પહોંચાડવામાં આવેલો પ્રત્યેક સંદેશ તેમની ચિંતાઓ અને જરૂરિયાતોનું સમાધાન આપે. આ કેમ્પેઈનમાં આપવામાં આવેલા સંદેશા ફક્ત દર્દીઓ પૂરતા મર્યાદિત નથી, તેમાં એ બાબત પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે કે, જો તબીબી સમસ્યાઓની સારવાર કરવામાં ન આવે તો તેમના પ્રિયજનો પર તેની શું અસર થાય છે. 'આપકી તકલીફ સિર્ફ આપકી નહીં હોતી, ઈસ લિયે ટ્રીટમેન્ટ જરૂરી હૈ' (તમારી પીડા ફક્ત તમારી નથી હોતી આથી સારવાર જરૂરી છે) ટૅગલાઈન દ્વારા આ કેમ્પેઈનમાં દર્દીઓની કાળજી લેનારા લોકો અને દર્દીની પીડા જોઈને પોતે પણ પીડાતા તેમના પરિવારજનોની ભાવનાત્મક વાસ્તવિકતાને રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, મેરિલ સમયસર સારવારની હિમાયત કરવા માટે સમગ્ર દેશના ડૉકટરો અને હોસ્પિટલોની સાથે સહભાગીદારી કરી રહી છે. હેલ્થકૅર પ્રોફેશનલોની સાથે સહભાગીદારી કરવા પાછળનો મેરિલનો ઉદ્દેશ્ય અત્યાધુનિક સારવારના વિકલ્પો અને વહેલીતકે સારવાર લેવાના ફાયદા અંગે જાગૃતિ પેદા કરવાનો છે, જે દર્દીની સારવારના પરિણામોને અને તેમના જીવનની ગુણવત્તાને સુધારી શકે છે. આ સંદેશને દર્શકોની સાથે ઘનિષ્ઠતાપૂર્વક જોડાવા માટે તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં તેમને અત્યાધુનિક સારવારનો લાભ લેવાની વિનંતી કરવામાં આવી છે.

મેરિલના ચીફ માર્કેટિંગ ઓફિસર મનિષ દેશમુખે જણાવ્યું હતું કે, 'મેરિલમાં અમારૂ લક્ષ્ય હંમેશાથી અત્યાધુનિક તબીબી ઉકેલો પૂરાં પાડીને વિશ્વને વધુને વધુ તંદુરસ્ત બનાવવાનું રહ્યું છે. 'ટ્રીટમેન્ટ જરૂરી હૈ' કેમ્પેઈન દ્વારા અમારો ઉદ્દેશ્ય સમગ્ર દેશના દર્દીઓને આશા અને હિંમતનો સંદેશ પૂરો પાડવાનો છે. એઆઈ ટેકનોલોજીનો લાભ લઈને અને એમએસ ધોની સાથે સહભાગીદારી કરીને અમે અમારા આ સંદેશને વધુ વ્યક્તિગત અને પ્રભાવશાળી બનાવવા માંગીએ છીએ, જેથી કરીને લોકો તેમના સ્વાસ્થ્યને વધુ ગંભીરતાથી લેતા થાય.' મનિષ દેશમુખે વધુમાં ઉમેર્યું હતું કે, 'એમએસ ધોનીને આ કેમ્પેઈનમાં સામેલ કરવાથી તેમણે આ કેમ્પેઈનને એક પરિચિત અને વિશ્વસનીય અવાજ આપ્યો છે, જે આ સંદેશને વિવિધ પ્રકારના લોકોની સાથે વધુ સુસંગત બનાવે છે. અડગતા અને વિશ્વસનીયતા માટેની ધોનીની પ્રતિષ્ઠા સારવારના વિકલ્પોને ધ્યાનમાં લેતી વખતે મેરિલ દર્દીઓમાં જે વિશ્વાસની ભાવનાને પ્રત્યારોપિત કરવા માંગે છે, તેનું જ પ્રતિબિંબ છે.'

### હેલ્થકૅર કમ્યુનિકેશનના મામલે એક સર્વગ્રાહી અભિગમ

આ કેમ્પેઈનમાં આપવામાં આવેલો સંદેશો ફક્ત તબીબી સલાહ પૂરતો મર્યાદિત નથી, તેમાં તબીબી સમસ્યાની જો સારવાર કરવામાં ન આવે તો દર્દીઓ અને તેમના પરિવારજનો બંને પર પડતા ભાવનાત્મક પ્રભાવ પર ધ્યાન આપવામાં આવ્યું છે._છફેં જેવી હૃદયની બીમારી અને જોઈન્ટ રીપ્લેસમેન્ટથી માંડીને



હર્નિયાની સારવાર સુધી આ કેમ્પેઈનનો ઉદ્દેશ્ય ખોટી માન્યતાઓનો છેદ ઉડાવવાનો, ભયને દૂર કરવાનો અને સારવારના અત્યાધુનિક વિકલ્પોમાં વિશ્વાસ રાખવાને પ્રોત્સાહન આપવાનો છે. એઆઈની મદદથી આ સંદેશાને એ પ્રકારે તૈયાર કરવામાં આવ્યાં છે કે તે દર્દીઓને સારી રીતે સમજાય તથા તેમને સક્રિય પગલાં લેવા અને તેમના ડૉક્ટરોની સલાહ લેવા માટે પ્રેરિત કરે.

# કેશોદ તાલુકાના પાણખાણ ગામે પ્રાથમીક આરોગ્ય કેન્દ્રની સાફ-સફાઈ કરવામાં આવી

જૂનાગઢ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તા, ૧૭ સપ્ટેમ્બરથી દેશ વ્યાપી ''સ્વચ્છતા હી સેવા'' અભિયાનનો પ્રારંભ કર્યો હતો. આ અભિયાનને સાર્થક કરવા જૂનાગઢ જિલ્લાના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં આ સ્વચ્છતા અભિયાન અંતર્ગત જન ભાગીદારીથી સ્વચ્છતા સફાઈનું જનઅભિયાન ચાલી રહ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા વિશે જાગૃતિ આવે તેમજ ગામડાના પરિવારો પણ સ્વચ્છતા અંગે સજાગ થાય તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા તેમજ આંગણવાડીઓ-શાળાઓ દ્વારા જનજાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે અન્વય જૂનાગઢ જિલ્લાના કેશોદ





તાલુકાના પાણખાણ ગામે ધારાસભ્યશ્રી દેવાભાઈ માલમની ઉપસ્થિતીમા સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત ગામના પ્રાથમીક આરોગ્ય કેન્દ્રની સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાનમા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, સરપંચ, તથા એસ.બી.એમ.જી. સ્ટાફ. તેમજ ગામ લોકો દ્વારા સાફ સફાઈ કરવામાં આવી હતી.

# દિવાળી તહેવારને ધ્યાને લઈને ગુજરાત એસ.ટી દ્વારા ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને લાભ મળશે

- એસ.ટી નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો થકી ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને સેવા આપે છે
- સપ્ટેમ્બર મહિના કરતા ઓક્ટોબર મહિનામાં તહેવારોના પરિણામે દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૮%નો વધારો નોંધાયો
- મુસાફરોને સંચાલન સંબંધિત પુછપરછ માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૬૬૬૬૬૬ જાહેર કરાયો

ગાંધીનગર, તા.૧૯

શહેરી તેમજ છેવાડાના નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સુવિધા ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર નિગમ દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે. આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિ અને મક્કમ નેતૃત્વના લીધે આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર રાજ્ય બન્યું છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ આજે ગુજરાત સરકાર માર્ગ પરિવહન ક્ષેત્રે આમૂલ પરિવર્તન લાવી મુસાફરોની સુવિધામાં વધારો કરવાનો નિરંતર પ્રયાસ કરી રહી છે. આગામી દિવાળીના તહેવારોમાં ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનો રાજ્યના અંદાજે ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને એસ.ટીની સલામત અને સમયબદ્ધ સવારીનો લાભ મળશે તેમ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા મુજબ ગુજરાત રાજ્ય પરિવહન નિગમ દૈનિક ૮,૦૦૦થી વધુ બસો, ૩૩ લાખ કિલોમીટરનું સંચાલન કરી ૨૫ લાખથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થળ સુધી સલામત અને સમયબદ્ધ રીતે પહોચાડવાની બસ સેવાઓ પૂરી પાડે છે. આ ઉપરાંત દિવાળીના પર્વને ધ્યાનમાં રાખીને નોકરી વ્યવસાય કરનારા નાગરીકો પોતાના પરિવાર સાથે તહેવારની ઉજવણી માદરે વતનમાં કરી શકે તે માટે ખાસ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ચાલુ વર્ષના આયોજનમાં માત્ર સુરત ખાતેથી ૨૨૦૦ બસો, દક્ષિણ- મધ્ય ગુજરાતમાંથી ૨૯૦૦, સૌરાષ્ટ્ર-કચ્છમાંથી ૨૧૫૦ તેમજ ઉત્તર ગુજરાતમાંથી ૧૦૯૦ મળીને કુલ ૮,૩૪૦ બસોની એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના થકી રાજ્યના ૩.૭૫ લાખ જેટલા મુસાફરોને સ્વચ્છ, સલામત અને સમયબદ્ધ બસોની સેવાઓનો લાભ મળશે. દિવાળીના એક્સ્ટ્રા સંચાલનના આયોજનને ખુબ જ બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ગત માસ કરતા હાલમાં તહેવારોના પરિણામે થઈ રહેલ દૈનિક એડવાન્સ બુકિંગમાં ૧૮%નો વધારો જોવા મળી રહ્યો છે.

આ સમયગાળા દરમ્યાન નિગમ દ્વારા કરવામાં આવનાર એક્સ્ટ્રા સંચાલન અન્વયેની સેવાઓનું નિગમની વિભાગીય કચેરીના ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ **www.gsrtc.in** ઉપરથી તમામ મુસાફરો એડવાન્સ અને કરંટ ઓનલાઈન બુકિંગનો લાભ મેળવી શકશે. એસ.ટીમાં મુસાફરી કરતા મુસાફરોને સંચાલન સંબંધિત પુછપરછ માટે નિગમના ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૬૬૬૬૬૬ ઉપર ૨૪ કલાક જાણકારી મેળવી શકશે. અત્રે ઉલેખ્ખનીય છે કે, રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ અને તેમાં પણ ખાસ કરીને ભાવનગર, અમરેલી, જૂનાગઢ અને રાજકોટ જિલ્લાઓના રત્નકલાકારો સુરતમાં નોકરી/વ્યવસાય અર્થે સ્થાયી થયેલ છે, કે જેઓ દિવાળીના તહેવારમાં માદરે વતન તરફ પ્રવાસ કરે છે. મોટી સંખ્યામાં પ્રવાસ કરતા સૌરાષ્ટ્રવાસીઓ તથા રાજ્યની અન્ય જનતા માટે સુરતથી ખાસ એક્સ્ટ્રા બસોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. નિગમના સુરત વિભાગ દ્વારા તા.૨૬ થી તા.૩૦ ઓક્ટોબર ૨૦૨૪ દરમ્યાન સૌરાષ્ટ્ર તરફના રત્નકલાકારો, પંચમહાલ, ઉત્તર ગુજરાત તથા મહારાષ્ટ્ર તરફના મુસાફરો માટે સુરત ખાતેથી વધારાની ૨૨૦૦ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. નિગમના અન્ય વિભાગો દ્વારા પણ દિવાળીના સમયગાળા દરમ્યાન એક્સ્ટ્રા સેવાઓનું રાજ્યના વિવિધ રૂટ ઉપર સંચાલન હાથ ધરવામાં આવશે તેમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ઈન્ડી ગઠબંધનની ‘કમજોર કડી’ બની કોંગ્રેસ

હરિયાણા વિધાનસભા ચૂંટણીનાં પરિણામો કોંગ્રેસ માટે મોટી અસફળતા સાબિત થયાં છે. આ પરિણામો કંઈ ભાજપની અણધારી જીત નથી, તે તેના માઈક્રોમેનેજમેન્ટની કમાલ જ ગણવી રહી, જ્યારે કોંગ્રેસને અહંકાર-આક્રમકતાની હવા ભરાઈ ગઈ હતી. કોંગ્રેસે લોકસભા ચૂંટણી દરમ્યાન જે મોમેન્ટમ મેળવ્યું હતું, તે અચાનક જ ગુમાવી દીધું. હરિયાણાની હારથી પાર્ટી સમસમી ગઈ છે. આવનાર સમયમાં મહારાષ્ટ્ર, ઝારખંડ અને દિલ્હીની મહત્ત્વની વિધાનસભા ચૂંટણીઓ થવાની છે. પાર્ટીએ તેના પહેલાં ખુદને કમજોર સ્થિતિમાં લાવી દીધી છે. હરિયાણામાં કોંગ્રેસને ઘણી આશા હતી. પરંતુ તેની રણનીતિમાં એક નહીં, ઘણી ખામીઓ રહી ગઈ અને તેનો કેન્દ્રીય નેતૃત્વ સાથે શો સંબંધ છે, તે સમજવાની કોશિશ કરીએ.

કોંગ્રેસના સર્વેસર્વા રાહુલ ગાંધીએ આ ચૂંટણીની કમાન એક રીતે ભૂપેન્દ્ર હુડ્ડા જૂથને સોંપી દીધી હતી. પાર્ટીએ જોકે મુખ્યમંત્રી પદની જાહેરાત નહોતી કરી, પરંતુ એ સ્પષ્ટ હતું કે સંભવિત ચહેરો ભૂપેન્દ્ર હુડ્ડા જ છે. તેની આશા એટલા માટે હતી કે હુડ્ડા જૂથે ૯૦માંથી ૭૨ સીટો પર પોતાના સગાં-સંબંધીઓને ટિકિટ અપાવી હતી. હરિયાણા કોંગ્રેસમાં કોઈ એક જૂથનું આટલી હદે નિયંત્રણ બિલકુલ નવી વાત છે. ભૂતકાળમાં જોઈએ તો ૧૯૮૦ના દાયકામાં પાર્ટીનું રાજ્ય એકમ ભજનલાલ અને બંસીલાલ જૂથોમાં વહેંચાયેલું હતું. ૧૯૯૦ના દાયકાથી ભજનલાલ અને ભૂપેન્દ્રસિંહ હુડ્ડાના જૂથો વચ્ચે પ્રતિસ્પર્ધા થવા લાગી. ૨૦૦૦ના દાયકામાં રાજ્યમાં એવા બીજા નેતા ઉભરી આવ્યા જેમણે મજબૂત હુડ્ડા જૂથને ટક્કર આપી.

છેલ્લા પાંચ વર્ષોમાં હુડ્ડા પરિવાર ફરીથી મજબૂત થયો છે. તેણે પોતાના હરીફોને કાં તો પાર્ટીની બહાર કઢાવી મૂક્યા છે કે પછી તેમના પ્રભાવને ખતમ કરી દીધો. દાખલા તરીકે કુલદીપ બિશ્નોઈ, અશોક તંવર અને કિરણ ચૌધરીનું નામ લઈ શકાય, જેમણે કોંગ્રેસનો સાથ છોડ્યો. જોકે ચૂંટણી પહેલાં જ તંવર પાછા કોંગ્રેસમાં આવી ગયા, પણ તેનો કશો લાભ ન થયો. એ જ રીતે કુમારી શૈલજા અને રણદીપ સુરજેવાલા જેવા વરિષ્ઠ નેતાઓનો પ્રભાવ ઘટતો ગયો.

કોંગ્રેસમાં વિભિન્ન જૂથો વચ્ચે પ્રતિસ્પર્ધાનો ફાયદો એ છે કે તેનાથી પાર્ટીને અલગ-અલગ જાતિ અને ક્ષેત્રના જટિલ સમીકરણોને સાધવામાં મદદ મળે છે. સાથે જ તેની છબિ એક એવા પક્ષ રૂપે બને છે, જે અંતર્ગત દરેક પ્રકારના લોકો કામ કરી રહ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો જૂથોનો ટકરાવ સંતુલન લાવવામાં મદદ કરે છે, જેમ કે જાટ નેતાઓના પ્રભાવ સામે ઓબીસી અને દલિત નેતાઓને લાવવા. આ વખતે કોંગ્રેસની રણનીતિમાં કેટલીય કમજોરીઓ હતી, જેનાથી તેણે નુક્સાન ઉઠાવવું પડ્યું. તેમાં એક ભૂલ એ થઈ કે હુડ્ડાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર દેખાડવા અને બાકી નેતાઓને નજરઅંદાજ કરવાથી ભાજપને જાટ વિરુદ્ધ બિનજાટનો વિમર્શ આગળ વધારવાનો મોકો મળી ગયો. એ યાદ રાખવું જોઈએ કે રાજ્યમાં જાટોની આબાદી માત્ર ૧૯ ટકા છે. જાટ દબદબાનો ડર દેખાડીને ભાજપે પોતાની મુખ્ય વોટબેંક, સવર્ણ જાતિઓ અને ઓબીસીને એકજૂટ કરી દીધા. સાથે જ ઘણી સંખ્યામાં દલિત મતો પણ હાંસલ કર્યા.


હરિયાણામાં દલિત વોટબેંક કુલ આબાદીની લગભગ ૨૧ ટકા છે, પરંતુ લાગે છે કે કોંગ્રેસ તેનો ફાયદો ન ઉઠાવી શકી. ઈનેલો-બસપા ગઠબંધનને ૬ ટકા વોટ મળવા દર્શાવે છે કે દલિતોનો એક મોટો હિસ્સો કોંગ્રેસના અભિયાનથી દૂર જ રહ્યો. તેનું મુખ્ય કારણ એ રહ્યું કે કોંગ્રેસે એક દલિત મહિલા નેતા કુમારી શૈલજાને હાંસિયામાં જ ધકેલી દીધાં. તેને કારણે તેઓ નારાજ થયાં અને આખરી ચરણને છોડી દઈએ તો બાકી ચૂંટણી પ્રચારમાંથી કુમારી શૈલજા ગાયબ જ રહ્યાં. દલિતોના ઉત્થાનની વાતો કર્યા કરવાની, પરંતુ ચૂંટણીમાં દલિત નેતાઓને મહત્ત્વ નહીં આપવાની નીતિ કોંગ્રેસના પરાજયનું કારણ બની.

બળવાખોર અને અપક્ષ ઉમેદવારોએ પણ ચૂંટણીમાં ભારે પડકાર ઊભો કર્યો અને કોંગ્રેસની રણનીતિ તેનો સામનો કરવામાં નિષ્ફળ રહી. ચૂંટણીમાં કોંગ્રેસના ૩૬ બાગી નેતાઓ ઊભા હતા. જ્યારે ભાજપના ૩૩ નેતાઓએ બળવો કર્યો હતો. મહત્ત્વપૂર્ણ એ છે કે પાર્ટીએ આ બળવાખોરોને કેવી રીતે સંભાળ્યા.

બંને પાર્ટીઓના કુલ વોટશેર લગભગ સમાન હતા, લગભગ ૪૦ ટકા. પરંતુ સરેરાશ વોટશેર મામલે ભાજપે કોંગ્રેસને ક્યાંય પાછળ ધકેલી દીધી. જ્યાં ભાજપનો આંકડો રહ્યો ૪૫ ટકા અને કોંગ્રેસનો ૪૦ ટકા. સરેરાશ વોટશેર એટલે કે એક ખાસ ચૂંટણી ક્ષેત્રમાં કોઈ પાર્ટીને મળેલ વોટશેર. કોંગ્રેસને કેટલીય આકરી ટક્કરવાળી સીટો પર હાર મળી. એનું કારણ કદાચ અપક્ષો રહ્યા, જેમણે ૧૦ ટકાથી વધુ વોટશેર મેળવ્યા અથવા તો ઈનેલો-બસપા ગઠબંધન.

આ હારે સાબિત કરી દીધું કે કોંગ્રેસનું હાઈકમાન્ડ કમજોર છે, જે સત્તાની મમતવાળા ઘરડા નેતાઓના દબાણ સામે ઝૂકી જાય છે. જી-૨૩ના વિદ્રોહમાં હુડ્ડા સામેલ હતા. સોનિયા ગાંધી તેમની માંગો આગળ ઝૂકી ગયાં અને હરિયાણામાં પાર્ટીની બાબતો પર તેમને સંપૂર્ણ નિયંત્રણ આપી દીધું. એવું જ રાજસ્થાનમાં પણ થયું હતું, જ્યાં અશોક ગેહલોતે આખી કોંગ્રેસને બાનમાં લીધી હતી અને પોતાનું જ ધાર્યું કર્યું હતું. પછી મધ્યપ્રદેશનું પણ એવું જ ઉદાહરણ રહ્યું, જ્યાં જૂના નેતા કમલનાથે યુવા નેતાઓને ઉભરતાં ધરાર અટકાવ્યા. આ તમામ રાજ્યોમાં કોંગ્રેસે શરમજનક હારનો સામનો કરવો પડ્યો, તેમ છતાં તેમાંથી કોઈ ધડો ન લીધો. ગાંધી પરિવાર અને ખાસ કરીને કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી આ અસફળતાની જવાબદારીથી ભાગી ન શકે

# હવે પગારમાંથી નહિ કપાય ટીડીએસ CBDTએ બહાર પાડયું નવું ફોર્મ





નવી દિલ્હી, તા.૧૯

**TDS** એટલે કે ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ, એવો શબ્દ છે જેનાથી દરેક કર્મચારી સારી રીતે પરિચિત છે. લોકો દર મહિને જ્યારે તેમનો પગાર મેળવે છે ત્યારે આ ટીડીએસથી પરેશાન થાય છે. પરંતુ, હવે કેન્દ્ર સરકારે આ અંગેના નિયમોમાં ફેરફાર કર્યો છે. તેની મદદથી, **TDS** કપાતમાં ઘણા ફેરફારો થશે અને કંપનીઓએ તેની કપાત ઘટાડવી પડશે. આવકવેરા કાયદા હેઠળ, જો તમે અન્ય જગ્યાએ **TDS** અથવા **TCS** ચૂકવો છો, તો કંપની તમારા પગારમાંથી તે પૈસા કાપી શકશે નહીં.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના સામાન્ય બજેટમાં પગારમાંથી કર કપાત એટ સોર્સની કપાત સામે અન્યસ્ત્રોતોમાંથી હ્જી અને ટેક્સ કલેક્ટેડ એટ સોર્સને સમાયોજિત કરવાની જાહેરાત કરી હતી. હવે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસિસએ આ અંગે એક નવું ફોર્મ બહાર પાડ્યું છે. તેને ફોર્મ ૧૨**BAA (12 BAA** ફોર્મ) કહેવામાં આવે છે. આ ફોર્મનો ઉપયોગ કર્મચારીઓ તેમની પેઢીને તેમના પગાર સિવાયનાસ્ત્રોતોમાંથી કર કપાત વિશે જણાવવા માટે કરશે. તેમાં ફિક્સ્ડ ડિપોઝિટ, વીમા કમિશન, ઈકવિટી શેર્સમાંથી ડિવિડન્ડ અથવા કાર ખરીદવા પર કર અથવા વિદેશી ચલણ વગેરેની આવક વિશેની માહિતીનો સમાવેશ થાય છે.

કંપનીઓ સામાન્ય રીતે જાહેરનામા મુજબ કર્મચારીઓના પગારમાંથી **TDS** કાપે છે, જેમાં કર કપાત માટે રોકાણ અને ખર્ચને ધ્યાનમાં લેવામાં આવે છે. જો કે, એમ્પ્લોયરોએ અન્યસ્ત્રોતોમાંથી કર્મચારી દ્વારા ચૂકવવામાં આવેલ ટેક્સને સમાયોજિત કર્યો ન હતો. હવે આ **CBDT** દ્વારા જારી કરાયેલા ૧૨ મ્છછ ફોર્મ સાથે બદલાશે. આ નવા ફોર્મ દ્વારા, કર્મચારીઓ **TCS** જમા કરાવેલ અને અન્યસ્ત્રોતોમાંથી કાપવામાં આવેલ **TDS** વિશે માહિતી આપીને તેમના પગારમાંથી કર કપાત ઘટાડી શકે છે. આ પગલાથી કર્મચારીઓને રોકડ પ્રવાહની સમસ્યાનો સામનો કરવામાં અને તેમની આવક ખર્ચવામાં અથવા બચાવવામાં મદદ મળશે.

# તહેવારોની સીઝનમાં ડુંગળીના ભાવોને અંકુશમાં રાખવા ટ્રેનથી સપ્લાય કરાશે



નવી દિલ્હી,તા.૧૯

તહેવારોની સીઝનમાં જ ડુંગળીના વધતા ભાવો પર અંકુશ લગાવવા માટે કેન્દ્ર સરકાર રેલવેથી ડુંગળીને પરિવહન કરાવશે તેના માટે સરકારે મહારાષ્ટ્રથી ખાસ ત્રણ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. કાંદા એકસપ્રેસ નામની આ ટ્રેનો બફર સ્ટોકથી ડુંગળી લઈને દિલ્હી, લખનૌ અને ગુવાહાટી પણ પહોંચશે. આ પહેલી વાર છે, જયારે ડુંગળી ટ્રેનથી પહોંચાડવાની પહેલ કરી છે. ગ્રાહક વિભાગની સચીવ નિધિ ખરેએ ગુરુવારે જણાવ્યું હતં કે નાસિક (મહારાષ્ટ્ર) સ્થિત બફર સ્ટોકથી ૧૬૦૦ મેટ્રિક ટન ડુંગળી લઈને કાંદા એકસપ્રેસ દિલ્હી માટે રવાના થઈ ચૂકી છે. તે ૨૦ ઓકટોબરે દિલ્હી પહોંચી જશે. આ પહેલને ઐતિહાસિક કરાર બતાવતા તેમણે જણાવ્યું હતું કે કાંદા એકસપ્રેસ લખનૌ, વારાણસી, આસામ, નાગાલેન્ડ અને મણીપુર માટે પણ ચલાવવામાં આવશે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આથી ડુંગળીની છુટક કિંમતમાં ઘટાડો થશે. નિધિ ખરેએ કહ્યું હતું કે, આ ડુંગળી બજારમાં ઉપલબ્ધતા વધારવા માટે આસપાસની બધી માર્કેટમાં ૩૫ રૂપિયા કિલોના ભાવે ઉપલબ્ધ કરાશે. હાલમાં સ્થાનિક બજારમાં ડુંગળી ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો વેચાય છે.

# છૂટાછેડા માટે હવે વકીલો નોટરી કરી શકશે નહીં : કાયદા વિભાગના પત્રથી વકીલો અસમંજસભરી સ્થિતિ માં મુકાયા




નવી દિલ્હી,તા. ૧૯


લગ્ન બાદ છૂટાછેડા લેવા માટે વકીલો દ્વારા કરવામાં આવતી નોટરી ઉપર કાયદા વિભાગે પ્રતિબંધ મૂકી દીધો છે. કાયદા વિભાગે પરિપત્ર બહાર પાડીને છૂટાછેડાના કરારો હવે નોટરી વકીલો કરી શકશે નહીં તેવી જાહેરાત કરતા વકીલોમાં અસમંજસ જોવા મળી રહી છે.

સમાજમાં સેટ થયેલી સિસ્ટમ કહો કે પછી રૂઢિ પરંતુ લગ્ન થયા બાદ જો દંપતી વચ્ચે તકરારો રહે અને ઝઘડાઓ જ થયા કરતા હોય તો તેઓ છૂટાછેડા લે છે. બીજી વાર અન્ય કોઈ પાત્ર સાથે લગ્ન કરી શકે તે માટે આવા દંપતીઓ મોટાભાગે વકીલો પાસે છૂટાછેડાનો કરાર કરાવડાવે છે અને તેને નોટરી રૂબરૂ સહીઓ કરીને એકબીજાથી અલગ પડે છે. દરરોજ અનેક કેસોમાં આવા છૂટાછેડાના કરારો થતા હશે પરંતુ ગત તા. ૧૦ ઓક્ટોબર-૨૦૨૪ના રોજ કેન્દ્રના કાયદા વિભાગ દ્વારા એક

પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે, નોટરીના કાર્યો અને ફરજો નોટરી એક્ટ-૧૯૫૨ અને ત્યારબાદ ૧૯૫૬માં સુધારો કરાયેલા કાયદામાં લગ્ન અથવા છૂટાછેડાની એફિડેવિટ કરવી નોટરીનું કાર્ય નથી. આ અંગે કાનૂની સ્થિતિ હોવા છતાં કેટલાક નોટરીઓ લગ્ન, છૂટાછેડાના દસ્તાવેજો ચલાવી રહ્યા છે અને પ્રમાણપત્રો પણ આપી રહ્યા છે તેમ ટાંકીને છૂટાછેડા માટે વકીલો નોટરી કરી શકશે નહીં તેમ બહાર પાડયું હતું. આ પત્રને લઈને સુરતના એડવોકેટ નોટરીમાં ગણગણાટ શરૂ થયો છે. વકીલોના સોશિયલ ગ્રૂપમાં એવા પણ મેસેજો ફરી રહ્યા છે કે, સરકાર દ્વારા સમજયા વિચાર્યા વિના આવો પરિપત્ર કેમ બહાર પાડી શકાય. સરકારનું કામ લોકોને પડતી અગવડતા દૂર કરવાનું છે અગવડ વધારવાનું નહીં.

ગુજરાતમાં મુસ્લિમ, આદિવાસી અને અનુસૂચિત જાતિ તેમજ ૧૯૬૦ના પરિપત્ર મુજબ જો બંને પક્ષકારો એક જ સમાજના હોય તો નોટરી કરી છૂટાછેડા લઈ શકે છે અને ફક્ત એક કલાકમાં જ તમામ પ્રક્રિયાઓ પૂરી થઈ જાય છે જેમાં વકીલોને પણ રોજી મળે છે. જો કે, કાયદા વિભાગના આ પરિપત્રને કારણે હવે પક્ષકારોએ છૂટાછેડા કરવા માટે ફરજિયાત રીતે રજિસ્ટ્રાર કચેરી અથવા તો કોર્ટના ધક્કા ખાવા પડશે.

# બેંકોમાં તુર્તમાં જ ‘ફાઈવ ડે વિક’નો અમલ



## ઈન્ડિયન બેંક એસોસીએશન અને કર્મચારી યુનિયન વચ્ચેની સમજૂતીને સરકાર મહોર મારશે

મુંબઈ,તા.૧૯

કોર્પોરેટ કંપનીઓ તથા સરકારી કચેરીઓમાં ફાઈવ ડે વિકનો ટ્રેંડ ચાલી જ રહ્યો છે તેવા સમયે બેંકોમાં પણ પાંચ દિવસનું સપ્તાહ તુરંતમાં અમલી બને તેવા સંકેતો સાંપડયા છે. ઈન્ડિયન બેંક એસો. અને કર્મચારી યુનિયન વચ્ચે સમજૂતી થઈ ગઈ છે અને સરકારની લીલી ઝંડી મળતાની સાથે જ મોટા ભાગે ચાલુ વર્ષથી જ ફાઈવ ડે વિકનો અમલ શરૂ થઈ જશે. સાથોસાથ બેંકીંગ અવર્સમાં પણ બદલાવ થશે. બેંક કર્મચારીઓ લાંબા સમયથી ૫ કામકાજના દિવસોની માંગ કરી રહ્યાં હતાં. અત્યાર સુધી સરકારે કર્મચારીઓની આ માંગને સ્વીકારી નથી, પરંતુ આશા છે કે આ વર્ષનાં અંત સુધીમાં સરકાર આ માંગણી પૂરી કરી શકે છે. તાજેતરમાં ઈન્ડિયન બેંક્સ એસોસિએશન અને કર્મચારી યુનિયન વચ્ચે એક સમજૂતી થઈ છે. હવે માત્ર સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

જો સરકાર તરફથી મંજૂરી મળશે તો બેંકો અઠવાડિયામાં માત્ર પાંચ દિવસ જ ખુલ રહેશે. એટલે કે શનિવાર અને રવિવારે બેંકો બંધ રહેશે. હાલમાં બેંકો દર મહિનાના બીજા-ચોથા શનિવારે અને દર રવિવારે બંધ રહે છે. આ ઉપરાંત તહેવારને કારણે અનેક શહેરોની બેંકોમાં રજા હોય છે. બેંકના ૫ કામકાજના દિવસોને મંજૂર કરવામાં સરકાર અને ભારતીય રિઝર્વ બેંકની મહત્વની ભૂમિકા છે. વાસ્તવમાં, બેંકનો આ પ્રસ્તાવ આરબીઆઈ પાસે જશે કારણ કે બેંક સાથે સંબંધિત તમામ કામ આરબીઆઈ દ્વારા નિયંત્રિત થાય છે. પ્રસ્તાવને આરબીઆઈની મંજૂરી મળ્યાં બાદ જ સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવશે.

જો બેંકના ૫ કામકાજના દિવસોને મંજૂરી આપવામાં આવે છે, તો બેંકનાં કામકાજના સમયમાં પણ ફેરફાર થશે. એવું માનવામાં આવે છે કે દૈનિક કામના કલાકોમાં ૪૦ મિનિટનો વધારો થઈ શકે છે. મતલબ કે બેંક સવારે ૯:૪૫ થી સાંજનાં ૫:૩૦ સુધી ખુલ્લી રહેશે.

# ટેસ્ટી પણ જીવલેણ! ૩૮% ભારતીયો પેકેજ્ડ ફૂડ ખાઈને ભરી રહ્યા છે પેટ

## આજના વ્યસ્ત જીવનમાં પેકેજડ ફૂડ અને નાસ્તાની માંગ ઝડપથી વધી છે



નવી દિલ્હી, તા.૧૯

આજના વ્યસ્ત જીવનમાં લોકોને સમય ઓછો અને ભોજન માટે વધુ અનુકૂળ વિકલ્પો મળી રહ્યા છે. આવી સ્થિતિમાં, પેકેજડ ફૂડ અને નાસ્તાની માંગ ઝડપથી વધી છે. ભારતમાં તાજેતરના એક અહેવાલ મુજબ, ૩૮% લોકો તેમની ભૂખ સંતોષવા માટે પેક કરેલા, ખારા અને તેલયુક્ત નાસ્તા જેવા બિનઆરોગ્યપ્રદ ખોરાક લે છે. અમેરિકાની ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા બહાર પાડવામાં આવેલા ‘ગ્લોબલ ફૂડ પોલિસી રિપોર્ટ ૨૦૨૪’ હેલ્ધી ડાયેટ એન્ડ ન્યુટ્રિશનમાં આ ચિંતાજનક આંકડાઓ સામે આવ્યા છે. રિપોર્ટ અનુસાર, ભારતમાં ૧૬.૬% વસ્તી કુપોષણથી પીડિત છે, જેનું મુખ્ય કારણ ખાવાની ખરાબ આદતો છે. ૧૦ માંથી ૪ ભારતીયો બિનઆરોગ્યપ્રદ પેકેજડ ફૂડ આરોગે છે, જ્યારે માત્ર ૨ લોકો જ ૫ ભલામણ કરેલ ખાદ્ય જૂથોનો વપરાશ કરે છે. તેમાં સ્ટાર્ચથી ભરપૂર ખોરાક, શાકભાજી, ફળો, કઠોળ અને બદામ જેવા સૂક્ષ્મ પોષકતત્વોથી સમળદ્ધ ખોરાકનો સમાવેશ થાય છે.

પેકેજડ ખોરાક અને નાસ્તામાં ઘણી વખત ખાંડ, ચરબી અને સોડિયમનું પ્રમાણ વધુ હોય છે. આ તત્વો સ્વાદિષ્ટ હોય છે, પરંતુ શરીર માટે હાનિકારક હોઈ શકે છે. વધુ માત્રામાં તેનું સેવન કરવાથી સ્થૂળતા, હૃદય રોગ, ડાયાબિટીસ અને હાઈબ્લડ પ્રેશર જેવા ગંભીર રોગોનું જોખમ વધી શકે છે.

નિષ્ણાતો કહે છે કે પેકેજડ ફૂડમાં ઓછા પોષક તત્વો હોય છે, જ્યારે તાજા ફળો, શાકભાજી અને કુદરતી ખોરાક શરીરને જરૂરી વિટામિન્સ, મિનરલ્સ અને ફાઈબર પ્રદાન કરે છે, જે તંદુરસ્ત જીવનશૈલી માટે જરૂરી છે. પેકેજડ નાસ્તાને કારણે લોકો આયર્ન, ઝિંક અને વિટામિન્સ જેવા સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપથી પણ પીડાઈ શકે છે.

આ રિપોર્ટથી સ્પષ્ટ થઈ ગયું છે કે સમય અને સ્વાદની બચત માટે લોકો પોતાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યા છે. આપણા આહારમાં યોગ્ય સમયે તાજી અને પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ કરવો ખૂબ જ જરૂરી છે, જેથી આપણે આ ગંભીર રોગોથી સુરક્ષિત રહી શકીએ અને સ્વસ્થ જીવન જીવી શકીએ.

# મોંઘવારીનો નવો ડામ લાગશે CNG માં તોળાતો ભાવવધારો

નવી દિલ્હી,તા.૧૯

ખાદ્ય ચીજોના ઉંચાભાવ તથા સતત વધતી મોંઘવારી સામે આમઆદમીમાં કચવાટ છે ત્યારે આવનારા દિવસોમાં સીએનજીમાં ભાવવધારા રૂપે વધુ એક ડામ લાગવાના એંધાણ છે.

કેન્દ્ર સરકારે સ્વદેશી ગેસ કંપનીઓને સસ્તાભાવે અપાતા ગેસની ફાળવણીમાં ૨૦ ટકાનો કાપ મુકયો છે તેને પગલે સીએનજીનો ભાવ વધી શકે છે. કેન્દ્ર સરકાર દ્વારા ઘરવપરાશ તથા વાહનો માટે કંપનીઓને નિશ્ચિત માત્રામાં સસ્તા ભાવે આપવામાં આવે છે. આ ફાળવણીમાં ૨૦ ટકાનો કાપ મુકવામાં આવ્યો છે એટલે દેશભરની ગેસ કંપનીઓના માર્જીન પર દબાણ ઉભુ થશે. ઘરવપરાશના રાંધણગેસમાં કોઈ અસર નહીં થાય પરંતુ સીએનજીમાં ભાવવધારો થવાનો નિર્દેશ ગેસ કંપનીના સૂત્રોએ અપાવ્યો છે. ભારતની સૌથી મોટી ગેસ ડીસ્ટ્રીબ્યુટર કંપની એવી ઈન્દ્રપ્રસ્ત ગેસ દ્વારા એમ કહેવાયુ છે કે ૧૬ ઓકટોબરથી નિયંત્રિત (સસ્તા) ભાવના ગેસની ફાળવણી ૨૧ ટકા ઓછી થઈ છે એટલે કંપનીની નફાશક્તિ પર અસર થઈ શકે છે.

# અનોખો જુગાડઃ કોલસા કે લાઈટથી નહીં પણ આ ભાઈ કરે છે ગેસ સિલિન્ડરથી કપડાને પ્રેસ

મથુરા,તા. ૧૯ :ભારતને જુગાડનો દેશ કહેવાય છે, જયાં તમને જુગાડથી ચાલતી કેટલીય વસ્તુઓ જોવા મળી જશે. અડધાથી વધારે ભારત તેના પર નિર્ભર છે. આવો જ એક જુગાડ મથુરાના યુવકે તૈયાર કર્યો છે, જે લોકો માટે ખૂબ જ આકર્ષણનું કેન્દ્ર બનેલો છે. તમે કોલસા કે વીજળીથી પ્રેસ થતી જોઈ હશે, પણ આ યુવકે તો અનોખી પ્રેસ બનાવી છે. જે ગેસ સિલિન્ડરથી ચાલે છે. મથુરાના આ યુવકનો અનોખો જુગાડ લોકોને પોતાના તરફ આકર્ષિત કરી રહ્યો છે. તેનું નામ હની સિંહ છે અને તે કપડા પર પ્રેસ કરવાનું કામ કરે છે. ખાસ વાત એ છે કે, તેની પ્રેસ કોલસા અથવા વીજળીથી નહીં પણ ગેસ સિલિન્ડરથી ચાલે છે. હની સિંહે તેને સિલિન્ડરમાં ફિટ કરી છે, જે તેને જન્મદિવસ પર ગિફટમાં મળી હતી. આજે તે સિલિન્ડરની મદદથી તે પોતાના આખા પરિવારનું જીવનનિર્વાહ કરે છે.



૨૫ વર્ષીય હની સિંહે જણાવ્યું કે, તે સિલિન્ડર તેની માતાએ તેને જન્મદિવસ પર આપ્યો હતો, તેણે તેને આજીવિકાનું સાધન બનાવ્યું છે. આ કામ તેણે પોતાના કાકા પાસેથી શીખ્યું છે અને છેલ્લા ચાર વર્ષથી તે આનાથી જ પ્રેસ કરે છે. તેની આ અનોખી રીત લોકોની વચ્ચે ખૂબ જ ફેમસ થઈ છે. લોકો ન ફક્ત તેની પાસે કપડા પ્રેસ કરાવે છે, પણ તેને પ્રેમ અને સહયોગ પણ આપે છે. હની સિંહના ખભ્ભા પર આખા ઘરની જવાબદારી છે. તેનો જન્મદિવસ ૧ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ થયો હતો અને તેની માતાએ તેના જન્મદિવસ પર આ સિલિન્ડર ગિફટમાં આપ્યો હતો. હનીને આ કામ કરવાનું ગમે છે અને તે ૨૦ રૂપિયા પ્રતિ એક જોડીના હિસાબથી ચાર્જ લે છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જેનું કોઈ સારું પરીણામ નથી, એવું કામ મનુષ્યએ ન કરવું જોઈએ.

- ચાણક્ય સૂત્ર

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો વદ-૨, તા.૧૯ ઓક્ટોબર ૨૦૨૪, શનિવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૫, ભરણી નક્ષત્ર, સિધ્ધિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), સાંજે ૪:૦૯ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: જાહેર સાહસના કાર્યોમાં સાવધ રહેવું. મૂંઝવણ-ચિંતામાં વધારો થાય.
વૃષભ:વિરહની વેદના સહેવી પડે. ધંધામાં અવરોધ આવે.
મિથુન:સંપત્તિને લગતા કાર્યોમાં સાવચેત રહેવું. વ્યર્થ ક્રોધ આવે.
કર્ક: આકસ્મીક ધન લાભ થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
સિંહ: શેર-સટ્ટાથી દૂર રહેવું. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કન્યા: જૂની ઓળખાણ લાભદાયી નીવડે. આર્થિક સમસ્યા હળવી બને.
તુલા: ગૃહજીવનમાંવિસંવાદીતતા સર્જાય. હાથમાંઆવેલી લાભની તક સરી જાય.
વૃશ્ચિક:અંગત મૂંઝવણ દૂર થાય. નોકરી-ધંધામાં લાભ થાય.
ધન: અગત્યના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગૃહવિવાદ.
મકર: માનસિક ઉચ્ચાટ અનુભવાય. આર્થિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.
કુંભ: મહત્વના કૌટુંબિક પ્રશ્નોનો ઉકેલ મળે. અણધાર્યો લાભ મળે.
મીન: મહેનતનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. રોકાયેલા નાણાં છૂટા થાય.

### ડોલ્ફિનની વસ્તી ગણતરી-૨૦૨૪ હાથ ધરાતાં જણાયું 'ગુજરાતનો દરિયો ડોલ્ફિનનું ઘર'

# ગુજરાતના ૪૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ

## 'સ્વસ્થ ઈકોસિસ્ટમ' માટે મહત્ત્વપૂર્ણ ડોલ્ફિન સૌથી વધુ ઓખાથી નવલખી સુધીના મરીન સેન્ચુરીમાં હોવાની સંભાવના

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સૌથી લાંબો સમુદ્રી કિનારો ધરાવતો હોવાના લીધે સમૃદ્ધ જળચર પ્રાણી વારસો એટલે કે, અનેક દુર્લભ જળચર પ્રાણીઓ જોવા મળે છે. જેમાં સૌથી સુંદર અને આકર્ષક પ્રાણી છે 'ડોલ્ફિન'. તાજેતરમાં ગુજરાત વન વિભાગ દ્વારા ગુજરાતમાં 'ડોલ્ફિનની વસ્તી ગણતરી' કરવામાં આવી હતી. સરકારના જળચર- વન્ય જીવ સંરક્ષણ અને સંવર્ધનના વિશેષ પ્રયાસોના પરિણામે ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, એટલે કે ત્યારે જળચર તેમજ વન્યજીવ પ્રવાસન ક્ષેત્રે પણ ગુજરાતે હરણફાળ ભરી છે તેમ જણાય છે.

વન મંત્રી મુળુભાઈ બેરાએ ડોલ્ફિન વસ્તી ગણતરી૨૦૨૪ની વિગતો આપતા કહ્યું હતું કે, ગુજરાતમાં કચ્છથી ભાવનગર સુધીનો દરિયાકિનારો ડોલ્ફિનના 'ઘર' તરીકે પ્રસ્થાપિત થયો છે. કચ્છના અખાતના દક્ષિણી ભાગમાં આવેલા મરીન નેશનલ પાર્ક અને મરીન સેન્ચુરીના, ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા ૧,૩૮૪ ચો.કિ.મી.ના વિસ્તારમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફિન હોવાની સંભાવના છે. જ્યારે કચ્છના અખાતના ઉત્તર તરફના ભાગમાં કચ્છ વર્તુળ હેઠળના ૧,૮૨૧ ચો.કિ.મી.માં ૧૬૮, ભાવનગરના ૪૯૪ ચો.કિ.મી.માં ૧૦ તેમજ મોરબીના ૩૮૮ ચો.કિ.મી.માં ૪ ડોલ્ફિન જોવા મળી છે. આમ કુલ મળીને ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયા વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફિન નોંધાઈ છે, જે સમગ્ર રાજ્યની શોભા વધારે છે. તેમણે જણાવ્યું હતું કે, 'સ્વસ્થ ઈકોસિસ્ટમ માટે ડોલ્ફિન ખુબ જ મહત્વનું જળચર પ્રાણી' છે. સમુદ્રી દરિયાઈ સસ્તન પ્રાણીઓના કેટલાક ટોચના શિકારી આહાર શ્રૃંખલામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને સમુદ્રી ઈકોસિસ્ટમમાં સંતુલન સુનિશ્ચિત કરવામાં પણ મદદ કરે છે. આ ડોલ્ફિનને બચાવવામાં કચ્છથી ભાવનગર સુધી દરિયામાં માછીમારી કરતા માછીમાર ભાઈઓનું યોગદાન પણ એટલું જ મહત્વનું છે. આ સર્વગ્રાહી પ્રયાસોના પરિણામે ગુજરાતના દરિયા કિનારે જોવા મળતી ડોલ્ફિન દેશ - વિદેશના પ્રવાસીઓ માટે નવું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. ગણતરી પદ્ધતિ અંગે મંત્રીએ જણાવ્યું હતું કે, આ સર્વે વન વિભાગ સહિત વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે બે દિવસ માટે યોજાયો હતો, જેમાં દરેક ટીમમાં ટેકનિકલ-વૈજ્ઞાનિક, નિરીક્ષક, ફોટોગ્રાફર અને ક્ષેત્ર સહાયક એમ કુલ મળીને ૪૭ વિશેષજ્ઞ જોડાયા હતા. વિવિધ બોટના માધ્યમથી કરાયેલા સર્વેમાં સહાયકોને+દૂરબીન, G.P.S. યુનિટ જેવા અતિઆધુનિક ટેકનોલોજીની સુવિધા આપવામાં આવેલ હતી.



ગુજરાતીઓ માટે ગર્વની ક્ષણ

**ગુજરાતમાં જોવા મળે છે હમ્પબેક ડોલ્ફિન**

ડોલ્ફિન અંગે વધુ વિગતો આપતા મંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના દરિયાકાંઠાના પાણીમાં ઈન્ડીયન ઓસન હમ્પબેક ડોલ્ફિન જોવા મળે છે. હમ્પબેક ડોલ્ફિન વધારે પ્રમાણમાં અરબી સમુદ્રમાં મળી આવે છે, તેને વિશિષ્ટ ખૂંધ અને વિસ્તરેલી ડોર્સલ ફિન એટલે કે, પૂંછડીથી ઓળખી શકાય છે. ડોલ્ફિન તેમના મૈત્રીપૂર્ણ અને જિજ્ઞાસુ સ્વભાવ માટે જાણીતી છે. ડોલ્ફિન ઘણીવાર લહેરોમાં કૂદતી અને રમતી જોવા મળે છે, જે પ્રવાસીઓને તેમના એક્રોબેટિક પ્રદર્શનથી આનંદિત કરી મૂકે છે. તેમનું શરીર આકર્ષક અને મોઢાનો આકાર 'બોટલ' જેવો હોવાથી તેમને સરળતાથી ઓળખી શકાય તેવી બનાવે છે. ડોલ્ફિનનો મુખ્ય ખોરાક માછલીઓ અને કરચલા, જિંગા હોવાથી દરિયાકિનારા અને નદીમુખો પાસે જોવા મળે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતનું રાષ્ટ્રીય જળચર પ્રાણી ગંગા ડોલ્ફિન' છે, તે ગંગા નદીની શુદ્ધતા દર્શાવે છે. ભારત સરકારે તા.૫ ઓકટોબર ૨૦૦૯ના રોજ ડોલ્ફિનને ભારતના 'રાષ્ટ્રીય જળચર પ્રાણી' તરીકે જાહેર કર્યું છે. સાથે જ, ડોલ્ફિન 'માનવમિત્ર જળચર' તરીકે જાણીતી છે તેમજ તેના બૌદ્ધિક-મનોરંજક સ્વભાવ માટે લોકપ્રિય છે.

# વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરે લેવાશે

### રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગના વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષાનું આયોજન

### પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્રો ભરવાની કાર્યવાહીનો પ્રારંભ : ૨૮મી સુધી ભરી શકાશે

અમદાવાદ, તા.૧૯

શિક્ષણ વિભાગના વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં ૩૦ નવેમ્બરના રોજ અને ૧ ડિસેમ્બરના રોજ બે દિવસમાં ચાર પ્રશ્નપત્રો લેવામાં આવનાર હોવાની સત્તાવાર જાહેરાત કરાઈ છે. પરીક્ષા માટે ૧૭ ઓકટોબરથી ઓનલાઈન આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં ઉમેદવારો ૨૮ ઓકટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના વર્ગ-૩ના મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક તથા કેળવણી નિરીક્ષકની ખાતાકીય પરીક્ષા લેવા અંગેનો કાર્યક્રમ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. જેમાં ૩૦ નવેમ્બર અને ૧ ડિસેમ્બરના રોજ ખાતાકીય પરીક્ષા લેવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગના વર્ગ-૩ની ખાતાકીય પરીક્ષા માટે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે અનુસાર, પરીક્ષા માટેના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ ઉપર ૧૭ ઓકટોબરથી ૨૮ ઓકટોબર દરમ્યાન ઓનલાઈન ભરવાના રહેશે. ઉમેદવારો દ્વારા સીધા જ રાજ્ય પરીક્ષા બોર્ડને ફોર્મ મોકલવામાં આવશે તો તે રદ ગણાશે. ઉમેદવાર દ્વારા પરીક્ષામાં તમામ પ્રશ્નપત્રોમાં સરકાર દ્વારા પ્રકાશિત પુસ્તકોનો ઉપયોગ પરીક્ષા ખંડમાં કરી શકશે. જ્યારે ખાનગી સાહિત્ય લાવી શકશે નહીં. પરીક્ષામાં પાસ થવા માટે ઉમેદવારોએ ૫૦ ટકા ગુણ મેળવવા ફરજિયાત છે. કોઈ પણ વિષયમાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર પરીક્ષાર્થીને વિષય પુરતી મુક્તિ મળશે. જો કોઈ એક વિષયમાં ૫૦ ગુણથી ઓથા ગુણ મળવાના લીધે ઉમેદવારનું પરિણામ નાપાસ જાહેર થતું હોય તો માત્ર તેવા કિસ્સામાં એક વિષય પુરતુ જ વધુમાં વધુ ૫ કૃપા ગુણ આપી શકાશે. ખાતાકીય પરીક્ષા નિમણુંકની તારીખથી તથા સીધી ભરતીથી નિમણુંક મેળવનારા ઉમેદવારોએ નોકરીમાં પુરા પગારમાં નિમાયાની તારીખથી ૩ વર્ષ અથવા ૩ તકોમાં જે પહેલુ હોય તેમાં પરીક્ષા પાસ કરવાની રહેશે. પરંતુ અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ઉમેદવારોએ ૪ તકોમાં પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના દરેક પ્રશ્નપત્રો ગુજરાતી ભાષાના રહેશે. પ્રશ્નપત્ર બહુવૈકલ્પિક પ્રકારના રહેશે. દરેક પ્રશ્નપત્રમાં ૧૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નના ૧ ગુણ રહેશે. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન નહીં રહે.

## લેબેનોનમાં ઈઝરાયેલી હુમલામાં મૃત્યુઆંક ૨,૨૫૫ ઉપર પહોંચ્યો

(એજન્સી) તા.૧૯

લેબેનીઝ આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ૮ ઓકટોબર ૨૦૨૩ના રોજ હિઝબુલ્લાહ ઈઝરાયેલ સંઘર્ષની શરૂઆતથી લેબેનોન ઉપર ઈઝરાયેલના હવાઈ હુમલામાં મૃત્યુઆંક ૨,૨૫૫ ઉપર પહોંચી ગયો છે અને કુલ ૧૦,૫૨૪ લોકો ઘાયલ થયા છે. સિન્હુઆ ન્યૂઝ એજન્સીએ મંત્રાલયને ટાંકીને જણાવ્યું હતું કે લેબેનોનમાં એકલા શુક્રવારે ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા અને ૧૪૪ ઘાયલ થયા. દરમ્યાન ઈઝરાયેલી સંરક્ષણ દળો (IDF) એ જણાવ્યું હતું કે શનિવારે દેશમાં લગભગ ૯૦ રોકેટ અને મિસાઈલો છોડવામાં આવ્યા હતા, જેમાંથી મોટાભાગના લેબેનોનથી ઉત્તર ઈઝરાયેલમાં હતા. કેટલાક પ્રક્ષેપણ હાઈફા ખાડી ઉપર લક્ષ્યાંકિત હતા, જેમાં હાઈફા અને અક્કોના બંદર શહેરો સામેલ હતા, જ્યારે અન્યનું લક્ષ્ય ગેલિલી પ્રદેશ પર હતું. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે કેટલીક મિસાઈલોને અટકાવવામાં આવી હતી, અને કોઈ જાનહાનિના અહેવાલ નથી.

# રાજ્યનું સૌથી મોટું પ્રાણી સંગ્રહાલય ડીસામાં બનશે : રેવન્યુ વિભાગે ૧૦૩ હેક્ટર જમીન ફાળવી

### તમામ સુવિધા સાથે રૂા.૩૦૦ કરોડના ખર્ચે બનનાર ઝૂ માટે ટૂંક સમયમાં જમીનની ફાળવણી થશે

ડીસા, તા.૧૯

રાજસ્થાન રાજ્યની સરહદે આવેલ ગુજરાતનાં બનાસકાંઠા જિલ્લામાં હવે ઉતર ગુજરાતનું સૌ પ્રથમ પ્રાણી સંગ્રહાલય બનવાની શક્યતાઓ વધી ગઈ છે. જિલ્લાનાં વેપારી મથક ડીસા ખાતે રાજ્ય મહેસુલ વિભાગે પ્રાણી સંગ્રહાલય/સફારી પાર્ક બનાવવા માટે ૧૦૩ હેક્ટર જેટલી જામીન ફાળવી છે. આ જમીન ઉપર ગુજરાતનું સૌથી મોટુ પ્રાણી સંગ્રહાલય બનાવવા વન સંરક્ષણ વિભાગને આ જગ્યા સોંપવામાં આવશે. દિવાળી પૂર્વે જિલ્લામાં પ્રાણી સંગ્રહાલય બનવાના વહેતા થયેલા સમાચારોથી જિલ્લાવાસીઓમાં પણ ખૂશીની લાગણી છવાઈ છે. બનાસકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં એક પણ પ્રાણી સંગ્રહાલય નહીં હોવાથી વર્ષોથી જિલ્લાવાસીઓ સરકાર પાસે પ્રાણી સંગ્રહાલય બનાવવાની માંગ કરી રહ્યાં હતાં. ત્યારે ૪ ઓકટોબરે રાજ્ય સરકારનાં મહેસુલ વિભાગે જૂનાડીસાથી વાસણા રોડ ઉપરની૧૦૩ હેક્ટર એટલે કે ૨૫૬ એકર જેટલી વિશાળ જમીન પ્રાણી સંગ્રહાલય બનાવવા મંજુર કરી છે, જે જમીન ટૂંક સમયમાં જ વન સંરક્ષણ વિભાગને સોંપવામાં આવશે. ત્યારબાદ વન વિભાગ રાજ્ય સરકાર પાસે બજેટની માંગણી કરશે, બજેટ મંજુર થયા બાદ રાજ્ય સ્તરે અથવા તો જિલ્લા વન વિભાગ સ્તરેથી આર્કીટેકની નિમણૂંક કરી પ્રાણી સંગ્રહાલયની સમગ્ર રૂપરેખા સહીત નકશો તૈયાર કરાશે. જે નકશો કેન્દ્રીય પ્રાણી સંગ્રહાલય કેન્દ્ર પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે, ત્યાંથી નકશો મંજૂર થયા બાદ જૂનાડીસા ખાતે ઉતર ગુજરાતનાં સૌથી મોટા પ્રાણી સંગ્રહાલયનાં નિર્માણનું કાર્ય શરૂ કરાશે.

### પ્રાણી સંગ્રહાલય બનવાથી વિકાસની નવી દિશાઓ ખુલશે, જમીનની માંગ વધશે

બનાસકાંઠા જિલ્લાના જૂનાડીસા ખાતે નિર્માણ પામનાર પ્રાણી સંગ્રહાલયથી આસપાસના વિસ્તારોનો જબરજસ્ત વિકાસ થશે. તેમજ ધંધા રોજગારની પણ નવીન તકો ખૂલશે, પરિણામે જિલ્લાનાં યુવાનો માટે રોજગારનાં નવીન અવસરો પણ ઉભા થશે. કોઈપણ જગ્યાએ નવીન વિકાસ કાર્યોનું નિર્માણ થવાથી આસપાસના વિસ્તારોની જમીનોની માંગ ખૂબ જ વધી જતી હોય છે. જૂના ડીસાથી વાસણા રોડ ઉપર ૧૦૩ હેક્ટર જેટલી વિશાળ જમીન મંજૂર થતાં હવે અહીં ધંધા-રોજગાર, રહેણાંક સહિતના વિસ્તારોનો વિકાસ થશે. આસપાસની જમીનોની માંગ વધતાં જમીનોની કિંમતમાં પણ ધરખમ વધારો થવાની શક્યતા છે

# તહેવારોની સિઝનમાં અનાજ અને ખાદ્યતેલના અસહ્ય ભાવ વધારાને કારણે ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની ખરીદીમાં ઠંડક

નવી દિલ્હી, તા.૧૯

શાકભાજી તેમજ અનાજ અને ડુંગળી, ટામેટા તથા ખાદ્યતેલોના સતત થઈ રહેલા ભાવવધારાની અસર તહેવારોની સિઝનની ખરીદી ઉપર પણ થઈ રહી છે તેવું બજારના વર્તુળો કહે છે. અનાજ, તેલ તથા શાકભાજીના ભાવવધારાને કારણે સરેરાશ ભારતીય પરિવારોના કિચનનો ખર્ચ પણ વધ્યો છે. જેના કારણે ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની અને ખાસ કરીને મોંઘી યાંત્રિક વપરાશની ચીજોની ખરીદીમાં બહુ ઉત્સાહ જોવા મળ્યો નથી તેવું સ્થાનિક ઉત્પાદકો અને વેચાણકારો કહે છે. ભારતનો સૌથી મોટો ઉત્સવનો સમયગાળો સપ્ટેમ્બરથી નવેમ્બરના પ્રારંભ સુધીનો છે ત્યારે દિવાળી અને બેસતા વર્ષ જેવા તહેવારો ઉપર મોટાપાયે ખરીદી થતી હોય છે અને દુકાનદારો પણ ડિસ્કાઉન્ટ આપતા હોવાથી અને સ્થાનિક વેપારીઓ પણ ડિસ્કાઉન્ટ આપતા હોવાથી માલ સામાનની ખરીદી અને ખાસ કરીને ઈલેકટ્રોનિક ચીજવસ્તુઓની અને ઘર વપરાશની રસોડામાં વપરાતી ચીજવસ્તુઓની ખરીદી માટે ધસારો થતો હોય છે. તો આ વખતે સીઝનના પ્રારંભે જ ખરીદીમાં મંદીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ખાસ કરીને ઈલેક્ટ્રોનિક્સ ચીજવસ્તુઓ અને હોમ એપ્લાયન્સની ખરીદીમાં ઘટાડો જોવા મળ્યો છે અને ગયા વર્ષના પ્રમાણમાં આવી ચીજોના વેચાણમાં માત્ર પાંચથી સાત ટકા વધારો દેખાય છે જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં આવી ચીજોમાં વેચાણમાં ૮થી ૧૦%નો વધારો જોવા મળ્યો હતો તેવું ૧૩૪ રિટેલ સ્ટોરના માલિક નિલેશ ગુપ્તાએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમને આશા છે કે હવે સીઝન જેમ આગળ વધશે એટલે વેચાણ પણ વધવાનું છે. ભારતના અર્થતંત્રની ગતિ અને તેનો વિકાસ દર ૨૦૨૪ ૨૫માં ૭.૨% રહેવાનો અંદાજ બાંધવામાં આવ્યો છે એટલે ગ્રામ્ય વિસ્તારમાં વધતી માંગને કારણે વિકાસદર વધશે એવું રિઝર્વ બેંકનું અનુમાન છે. ફોટો મોબાઈલ વેચાણ અને પરચેસિંગ મેનેજર ઈન્ડેક્સ એવા સંકેતો આપે છે કે અર્થતંત્રમાં મંદીનું વાતાવરણ રહેશે. ખાસ કરીને અનાજના સંદર્ભમાં છૂટક ફુગાવો ઊંચો રહેશે. જેનાથી આવકમાં ઘસારો સહન કરવાનો રહેશે. સપ્ટેમ્બરમાં છૂટક ફુગાવો ૫.૪૯% રહ્યો અને અનાજ ફુગાવો ૯.૨૪ ટકા રહ્યો હતો જ્યારે શાકભાજીના ભાવમાં ગયા વર્ષના પ્રમાણમાં ૩૬ ટકા વધુ ભાવ જોવા મળ્યા હતા. એ જ રીતે ડુંગળી તથા બટેટાના ભાવ અને શાકભાજીના ભાવમાં પણ એકધારો વધારો જોવા મળ્યો નથી. જેના પછી આવક ધરાવતા નાના કસ્ટમરની ખરીદ શક્તિ ઉપર પ્રતિકૂળ અસર થઈ છે તેવું ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના પ્રમુખ બીસી ભારતીય જણાવે છે. આવા છૂટક અને નાના કસ્ટમરની સંખ્યા ૨૦ લાખ જેટલી છે. દર મહિને ૨૨ હજાર કમાતા સંજયકુમાર ઓફિસ આસિસ્ટન્ટ છે અને કહે છે કે અમે શાકભાજીની ખરીદી અડધી કરી નાખી છે અને આ વખતે દિવાળીમાં માઈક્રોવેવ લેવાનું પણ પડતું મૂક્યું છે.

### છોટાઉદેપુર વિસ્તારમાં પ્રસૂતિ બાદ મહિલાનું મોત થતાં હાઈકોર્ટે સુઓમોટો રીટ હાથ ધરી હતી

# રસ્તામાં પ્રસૂતાનાં મોતના મામલામાં હાઈકોર્ટે કલેક્ટર પાસે બચાવ માટેનો નહીં પ્લાન અંગે માંગ્યો રિપોર્ટ

### આ રિમોટ વિસ્તારમાં પહોંચવું અઘરૂં, મહિલાની ઈમરજન્સીનો કોલ મળ્યો ન હતો : સરકારનો જવાબ




અમદાવાદ, તા.૧૯

૩ ઓકટોબરના રોજ હાઈકોર્ટમાં જજ બીરેન વૈષ્ણવ અને નીશા ઠાકોરની બેન્ચ દ્વારાઅખબારી અહેવાલોને આધારે સુઓમોટો અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં જજ બીરેન વૈષ્ણવે કોર્ટમાં કહ્યું હતું કે, તેમના માથા આ સમાચાર વાંચીને શરમથી ઝૂકી ગયા છે. મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીના જન્મદિને અખબારોમાં અહેવાલ આવ્યો હતો કે, આદિજાતિના જિલ્લા છોટાઉદેપુરના તુરખેડા ગામે એક મહિલાને પ્રસવ પીડા ઉપડતા તેને ઝોળીમાં નાખીને પરિવારના લોકો ચાલતા ૫ કિલોમીટર દૂર લઈ જતા હતા. જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવવાની હતી, ત્યાંથી ૧૦૮ મહિલાને પ્રાથમિક સારવાર કેન્દ્ર ખાતે લઈ જવાની હતી, જે ૨૫ કિલોમીટર દૂર હતું. પરંતુ રસ્તામાં જ મહિલાને પ્રસૂતિ થઈ તેને દીકરીને જન્મ આપ્યો અને મૃત્યુ પામી. આ તેની છેલ્લી યાત્રા બની રહી. હાઈકોર્ટે રજિસ્ટ્રાર જ્યુડિશિયલને આ બાબતને સુઓમોટો પિટિશન તરીકે લેવા આદેશ આપ્યો હતો અને ગુજરાતના ચીફ સેક્રેટરી આ બાબતે હાઈકોર્ટને ૧૭ ઓકટોબરે જવાબ આપે તેવું જણાવ્યું હતું. આજે આ મુદ્દે ચીફ જસ્ટિસ સુનિતા અગરવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રીવેદીની બેન્ચ સમક્ષ વધુ સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં કોર્ટ મિત્રે જણાવ્યું હતું કે, આ તુરખેડા ગામ કવાંટ તાલુકામાં નર્મદા નદીના કિનારે આવેલું છે. કોર્ટ મિત્રે ત્રણ મુદ્દા કોર્ટ સમક્ષ મૂક્યા હતા, જેમાં તેમણે જણાવ્યું હતું કે, આખા રાજ્યમાં મેડિકલ ફેસિલિટી કેવી છે તે જાણવું જોઈએ. બનાવ બન્યો તે ગામની એક તરફ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને એક તરફ આદિજાતિ વિસ્તાર આવેલો છે. આ ગામમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પ્રશ્ન છે, ફક્ત રોડનો જ નહિ. જો આવા સમયે મેડિકલ ઈમરજન્સી જેવી કે હાર્ટ-એટેક કે સ્ટ્રોક વખતે શું થાય? અમદાવાદમાં ૧૦૮માં ફોન કરો તો તુરંત હેલ્પ મળે છે. સરકારે જવાબ આપ્યો હતો કે, આ ઘટના નહોતી બનવી જોઈતી. આ બનાવની જગ્યા અંગેની માહિતી મેળવવામાં આવી છે. મહિલાની ઉંમર ૨૮ વર્ષની હતી. તેને ત્રણ બાળકો હતા, જેમાં બે છોકરીઓ અને એક છોકરો છે. બધાની ઉંમર ૬ વર્ષ અને તેની અંદર છે. આ ગામ પહાડી જંગલ વિસ્તારમાં આવેલું છે. જે ૭ ફળિયામાં વહેંચાયેલું છે. ઊંચા અને નીચા વિસ્તારોમાં ફળિયા ૨૦૪૯ હેકટરમાં ફેલાયેલા છે. ગામની કુલ વસ્તી ૧૯૯૬ છે. મૃતકના ફળિયામાં ૯૭ લોકો રહે છે. ગામમાં જવા કાચો રસ્તો છે. જો કે, દરેક ઘરમાં મોબાઈલ ફોન છે, પરંતુ મહિલાની ઈમરજન્સી અગાઉ અમને કોલ મળ્યો નહોતો. મહિલાના ઘરથી પ્રાથમિક સારવારનો સબ સેન્ટર આશરે ૬ કિલોમીટર જેટલું દૂર છે. દર્દીને સબ સેન્ટરે લઈ જવું કે પ્રાથમિક સારવાર કેન્દ્ર ઉપર તે પેશન્ટની કન્ડીશન ઉપર નિર્ભર કરે છે. કોર્ટ કહ્યું હતું કે, અંહીના લોકો પાસે કોઈ સપોર્ટ નથી લાગતો. જેથી છોટા ઉદેપુરના કલેકટર પાસેથી રિપોર્ટ મંગાવવામાં આવે અને સરકારમાંથી એક વ્યક્તિને મોકલીને ગામની પરિસ્થિતિનો તાગ મેળવવામાં આવે. આવા રિમોટ વિસ્તારોમાં હેલ્થ સુવિધાને પ્રાથમિકતા આપવામાં આવે. સરકારે આ વિસ્તારના ડ્રોનના ફોટા કોર્ટમાં રજૂ કર્યા હતા. સરકારે જણાવ્યું હતું કે, મહિલાની પ્રસવ પીડા અંગે ફોન આવ્યો હોત તો ઓથોરિટી દોડતી ત્યાં પહોચત. કોર્ટે કહ્યું હતું કે, આ વિસ્તારોમાં કનેક્ટિવિટીના વધારો કરવામાં આવે. સરકારે જણાવ્યું હતું કે, આ ગામમાં પાક્કા રોડ બનાવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આદિજાતિ લોકો રિમોટ એરિયામાં રહેવાનું પસંદ કરે છે. કોર્ટે કહ્યું હતું કે, તે તેમની મરજી છે કે તેમને ક્યાં રહેવું. સરકારે જણાવ્યું હતું કે, આદિજાતિ લોકોના બે ઘર વચ્ચે લાંબી દુરી હોય છે, તેમને શાંતિ ગમે છે. ચોમાસામાં આ વિસ્તારોમાં જવું ખૂબ અઘરૂં છે. એમ્બ્યુલન્સમાં પ્રાથમિક સારવાર હોય છે. કોર્ટે કહ્યું કે કલેકટર બચાવ જેવો રિપોર્ટ રજૂ ના કરે, પણ પ્લાન આપે. ગામડામાં લોકો હોંશિયાર લોકો હોય છે. તેમને આશાવર્કર જેવી તાલીમ આપવામાં આવે. આ મુદ્દે વધુ સુનાવણી દિવાળી બાદ ૨૯ નવેમ્બરે યોજાશે.

## મુખ્યમંત્રી સાથે બેઠક બાદ ક્વોરી એસો.ની હડતાળ સમેટાઈ

ગાંધીનગર, તા.૧૯

રાજયભરમાં છેલ્લા પખવાડિયાથી ચાલતી ક્વોરી ઉદ્યોગકારોની હડતાલનો અંત આવ્યો છે. ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો અંગે અગાઉ અનેકવાર ગુજરાત બ્લેક ટ્રેપ ક્વોરી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નહતો. જેને લઈને ક્વોરી ઉદ્યોગના પડતર પ્રશ્નો અંગે કચ્છ સહિત તમામ લીઝો અચોક્કસ મુદત સુધી બંધ કરી દેવામાં આવી હતી. તાજેતરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે તેઓએ બેઠક કરી હતી. મળતી માહિતી મુજબ, મુખ્યપ્રધાન સાથેની બેઠક બાદ ક્વોરી એસોસિએશને હડતાળ પૂર્ણ કરી છે. રાજયભરના ક્વોરી માલિકો છેલ્લા ૧૫ દિવસથી હડતાળ ઉપર હતા. ત્યારે ૧૦૦૦ ક્વોરી માલિકો અંબાજી મંદિર પહોંચ્યા હતા અને અંબાજી મંદિર ખાતે ક્વોરી માલિકોએ ધજા ચઢાવી દર્શન કરીને હડતાળ સમેટી લીધી છે, તેવી જાહેરાત કરી હતી. મહત્વનું છે કે રાજયભરમાં ક્વોરી ઉદ્યોગ બંધ થવાના કારણે અનેક લોકો બેરોજગાર બન્યા હતા.

### સ્વાધ્યાય પ્રવૃત્તિના પ્રણેતા-ઋષિ યુગાવતાર વિશ્વ વિભૂતિ

# આજે તા.૧૯ ઓકટોબરે પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીની જન્મ જયંતિ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૯

ધર્મ-સંસ્કૃતિ અને સામાજીક ક્ષેત્રે જાગૃતિ લાવી વૈચારિક ક્રાંતિ પ્રગટાવનાર યુગાવતાર મહામાનવ એવા પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીની જન્મજયંતિ આજરોજ તા.૧૬ ઓકટોબરે સમગ્ર સ્થળે મનાવાઈ રહી છે. ત્યારે જાણીએ પ્રભાસ-સોમનાથ સાથેના તેમના પુણ્ય સ્મરણો..



પાંડુરંગ શાસ્ત્રીજી પ્રેરીત સ્વાધ્યાય પ્રવૃત્તિથી થયેલ જીવન પરિવર્તનની સત્ય ઘટના સાથેના પાત્રો સાથે ‘અંતરનાદ’ નામની ફિલ્મનું શુટીંગ સતત ૧૩ દિવસ સુધી ઉના તાલુકાના નાંદરખ ગામ, દિવ, વણાંકબારામાં ૧૯૯૧ માં થયું હતું. જમાં કુલભુષણ ખરબંદા, નસરૂદીન શાહ, શબાના આઝમી જેવા કલાકારોએ દેશના સુપ્રસિધ્ધ દિગ્દર્શક શ્યમ બેંનગલેના માર્ગદર્શનમાં કામ કર્યુ હતું. જે ફિલ્મ ભારતભર અને ટી.વી. રજુ થઈ હતી. આમ હાલના ગીર સોમનાથ માટે ગૌરવપ્રદ પુણ્ય સ્મરણ છે. સોમનાથના ભાસ્કર વૈદ્ય કહે છે કે, પૂ. દાદાની ઉપસ્થિતીમાં સોમનાથ ખાતે આજુબાજુના પ્રદેશોની તિર્થયાત્રા યોજાઈ હતી ત્યારે ભારતના બાર જયોર્તિલીંગના પ્રથમ સોમનાથ મહાદેવની સ્વહસ્તે સાક્ષાત પૂજા કરવાનું સૌભાગ્ય તેમને મળેલ હતું.

સોમનાથ મંદિરના ગર્ભગૃહમાં જઈ પૂજા કરવાની ખાસ પરવાનગી તેમને તે સમયે અપાઈ હતી. આ અગાઉ ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદ અને એક વખત જગદગુરૂ શંકરાચાર્યને આ તક મળી હતી. ત્યારપછી કોઈને મળ્યાનું જાણમાં નથી. વેરાવળ તાલુકાના માલજીંજવા ગામે તા.૮ ઓગષ્ટ ૧૯૮૦ ના રોજ તેઓના હસ્તે યાજ્ઞવલ્કય ઉપવનની પ્રાણપ્રતિષ્ઠા કરાઈ હતી.

સોમનાથના ભીડભંજન મંદિર પટાંગણમાં તા.૧૪-૧-૧૯૮૩ ના રોજ તેમના વ્યાસપીઠે ‘સાગરપુત્ર’ મિલન સમારોહ યોજાયો હતો. તા.૧૭-૪-૧૯૭૫ના રોજ વેરાવળ ક્રિકેટ મેદાન ખાતે ‘તત્વજ્ઞાન’ વિષે પ્રવચન આપેલ હતું. તા.૪-૯-૧૯૭૨ ના રોજ પણ પ્રવચન આપેલ હતું. તેમની પ્રેરણાથી પ્રતિષ્ઠીત થયેલા અમૃતાલયો, મત્સ્યગંધા, તરૂ ઉપવનો, કૃષિપ્રયોગ, ભક્તિફેરી, વિડીયો કેન્દ્રો, સંસ્કાર કેન્દ્રો, વૃક્ષમંદિરો આજેય ગીર સોમનાથમાં પ્રેરણા તિર્થરૂપ કાર્યરત છે. પૂ.પાંડુરંગ શાસ્ત્રી વેરાવળ, ઉના કે કોડીનાર આવતા-જતા સમયે પ્રભાસ સોમનાથ મંદિરે દર્શન કરવા અવશ્ય અનેકવાર આવેલ છે.

# હરિયાણામાં કારમાં પરાજય બાદ AAPએ લીધો મોટો નિર્ણયઃ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણી નહીં લડે

### હવે આમ આદમી પાર્ટી (AAP)નું પોતાનું સમગ્ર ધ્યાન દિલ્હીની ચૂંટણી પર રાખવા માંગે છે



નવી દિલ્હી તા.૧૯

હરિયાણામાં સાનુકૂળ પરિણામ ન મળવાને કારણે આમ આદમી પાર્ટી મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી નહીં લડે. પાર્ટી પોતાનું સમગ્ર ધ્યાન માત્ર દિલ્હી વિધાનસભા ચૂંટણી પર જ રાખવા માંગે છે સૂત્રોના જણાવ્યા અનુસાર, આમ આદમી પાર્ટીને લાગે છે કે ઝારખંડમાં તેનું સંગઠન પહેલાથી જ નબળું પડી ગયું છે. ચૂંટણી લડવા માટે સંગઠનને મજબુત બનાવવાની જરૂર પડશે, પરંતુ હવે એનો સમય નથી. મહારાષ્ટ્રમાં સ્થિતિ થોડી અલગ છે. ત્યાંનું રાજય એકમ સંગઠનાત્મક વિસ્તરણ માટે બે કે ત્રણ બેઠકો પર ચૂંટણી લડવા માંગે છે. એવું કહેવાય છે કે રાજ્ય એકમે પોતાનો અહેવાલ હાઈકમાન્ડને સોંપી દીધો છે, જેના આધારે રાજકીય બાબતોની સમિતિ અંતિમ નિર્ણય લેશે. પરંતુ હાઈકમાન્ડ તરફથી મંજૂરી મળવાની શક્યતા ઓછી છે, કારણ કે AAP દિલ્હીને બચાવવા માટે પોતાની તમામ તાકાત વાપરવા માંગે છે. પાર્ટીએ પણ તૈયારીઓ તેજ કરી દીધી છે.


પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયા પોતે પ્રચાર માટે દિલ્હીના રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. સૂત્રોનું કહેવું છે કે આ બંને રાજ્યોમાં ચૂંટણી ન લડવા પાછળનું મુખ્ય કારણ એ છે કે INDIના સહયોગીઓએ આ રાજ્યોમાં મજબૂતીથી ચૂંટણી લડવી જોઈએ અને સાથી પક્ષો વચ્ચે કોઈ મૂંઝવણ ઊભી થવી જોઈએ નહીં.

આ સ્થિતિમાં ભાજપને નુકસાન થશે. જોકે ઔપચારિક રીતે આમ આદમી પાર્ટીએ હજુ સુધી આ બંને રાજ્યોને લઈને પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી નથી. પાર્ટીના નેતાઓ કહી રહ્યા છે કે આ અંગે રાજકીય બાબતોની સમિતિ જ નિર્ણય લેશે.

## પ્રાગમાં છે દુનિયાની સૌથી સાંકડી શેરીઃ બે માણસ ફસાઈ ન જાય એટલે સિગ્નલ મુકાયાં

પ્રાગ,તા. ૧૯

રસ્તા પર અકસ્માત ન થાય કે ટ્રાફિક જેમ ન થાય એ માટે ટ્રાફિક સિગ્નલ લગાવવામાં આવતાં હોય છે, પરંતુ ચેક રિપબલિકના પ્રાગ શહેરમાં એક શેરીના બન્ને છેડે ટ્રાફિક સિગ્નલ મુકાયાં છે. પ્રાગના માલા સ્ટ્રાનામાં આવેલી આ શેરી ૩૨ ફુટ લાંબી છે, પણ એની પહોળાઈ ફક્ત ૧૯ ઈંચ છે. એટલે કે વાહનો તો ભૂલી જ જાઓ, બે માણસ સાથે-સાથે કે સામસામે ચાલે તો પણ ફસાઈ જાય અને આવું ન થાય એટલે શેરીના બન્ને છેડે ટ્રાફિક-સિગ્નલ બેસાડવાં પડ્યાં છે. કોઈ માણસ આ શેરીની અંદર જાય એ પહેલાં નાકા પાસે મૂકેલા સિગ્નલનું બટન દબાવવાનું હોય છે. બટન દબાવવાથી બન્ને છેડે સિગ્નલ ઓન થઈ જાય છે. ગ્રીન સિગ્નલ થાય પછી જ અંદર જવાનું હોય છે.



### નિવૃત્ત થતા પહેલા CJI ચંદ્રચૂડનો મોટો નિર્ણય

# સુપ્રીમ કોર્ટના તમામ કેસોનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૯

એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા સુપ્રીમ કોર્ટે તમામ કેસોની સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ કરવાનો નિર્ણય લીધો છે. સુત્રોએ જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતની તમામ બેન્ચના લાઈવ-સ્ટ્રીમિંગની સુવિધા માટે એક એપ પરીક્ષણના અંતિમ તબક્કામાં છે. અગાઉ, અત્યાર સુધી માત્ર બંધારણીય બેંચ સમક્ષના કેસોની સુનાવણીનું જીવંત પ્રસારણ થતું હતું, પરંતુ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની પહેલ પર, તેને તમામ બેંચ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રથમ વખત છે જ્યારે રોજિંદી સુનાવણીનું નિયમિત જીવંત પ્રસારણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે કોવિડ રોગચાળા પછી, ૨૦૨૨ માં, સુપ્રીમ કોર્ટે પ્રથમ વખત યુટ્યુબ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બંધારણીય બેંચ હેઠળના કેસોની સુનાવણીના લાઈવ સ્ટ્રીમિંગની વ્યવસ્થા કરી હતી, જે અત્યાર સુધી ચાલુ છે. તે તમામ કોર્ટમાં લંબાવવામાં આવી છે. જ્યારે ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ સુપ્રીમ કોર્ટની ત્રણ બંધારણીય બેન્ચની સુનાવણીનું લાઈવ સ્ટ્રીમિંગ થયું ત્યારે ૮ લાખથી વધુ લોકોએ તેને જોયું. ત્યારબાદ સુપ્રીમ કોર્ટ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, આ પગલું દૂરના વિસ્તારોના લોકોના અવરોધોને દૂર કરવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે અને દેશના દરેક ખૂણેથી નાગરિકોને સુપ્રીમની કાર્યવાહી જોવાની તક મળશે.

# માંગરોળ લાબરકુવાથી મેણેજ રોડની ગોકળગાયની ગતિએ ચાલતી કામગીરીથી રાહદારીઓને ભારે હાલાકી


## માંગરોળના મકોડા વડલીથી કંકાસા રોડ મંજૂર થઈ ગયો હોવા છતાં કામગીરી કરવામાં કોઈને રસ નથી

(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા. ૧૯

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના લાબરકુવા અને મકોડા વડલીથી કેશોદના અનેક ગામડાઓને જોડતા આ બંને રસ્તાઓ ગત ટર્મમાં માંગરોળના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ વાજા અને કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમની સંયુક્ત ગ્રાન્ટમાંથી પ્રત્યેક રોડ માટે ૩ કરોડ ૬૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. પરંતુ વિધાનસભાની ચૂંટણીને પણ બે વર્ષ વિતી જવા છતાં આ બંને રોડની કામગીરીના કોઈ ઠેકાણા નથી. લાબરકુવાથી મેણેજ સુધીના રોડની કામગીરી ગોકળગાયની ગતિએ ચાલી રહી છે. જ્યારે મકોડા વડલીથી વાયા વાંધાળી સીમ ટુ કંકાસાનો પાંચ કીમી જેટલા રસ્તાની કામગીરીના કોઈ ઠેકાણા નથી. આ બાબતે કેટલાક અંશે વર્તમાન ધારાસભ્યની નિષ્ક્રિયતા પણ જવાબદાર ગણવામાં આવી રહી છે.

લાબરકુવાથી મેણેજ સુધી નવા બનતા રોડની ગોકળગાય ગતિએ ચાલતી કામગીરી કારણે રાહદારીઓની બદતર હાલત થઈ જાય છે. કોન્ટ્રાકટરની બેદરબારીને કારણે ખેડુતો અને રાહદારીઓની દયનિય હાલત બની છે. ચોમાસાના બે માસ પૂર્વે કામગીરી બંધ કરી હાલ સુધી કામ શરૂ ના થતા સ્થાનિક ખેડુતો પરેશાની વેઠી રહ્યા છે. વગર વરસાદે રસ્તાઓ પર નદીઓ જેવું પાણી ભરાઈ જાય છે. ધારાસભ્ય અને સાસંદ સભ્ય સહીત ચુંટાયેલા પ્રતિનિધિઓનું મૌન પણ ચર્ચાનો મુદ્દો બન્યો છે. કેશોદ પીડબલ્યુડીના અધિકારીઓ પણ આ રસ્તાની મુલાકાત લે તેવી ખેડુતોની માંગ ઉઠી છે.



માંગરોળ લાબરકુવા મેણેજ રોડ આઝાદી બાદ પ્રથમ વખત માંગરોળ ટાવરથી મેણેજ સુધી પાંચ કીલોમીટર જેટલો રોડ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ત્રણ કરોડ ચોસઠ લાખના ખર્ચે નોનપ્લાન રોડ મંજૂર કરવામાં આવ્યો હતો. કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ અને માંગરોળના પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ વાજાની સંયુક્ત ગ્રાન્ટમાંથી બજેટ ફાળવવામાં આવ્યુ હતું. ગત ઉનાળામાં આ રોડનું કામ કેશોદની એજન્સી દ્વારા શરૂ કરાયું. પરંતુ હાલ સુધી આ કામ પુર્ણ કરવામાં આવેલ નથી. કેશોદ પીડબલ્યુડીના અધીકારીઓ અને કોન્ટ્રાકટર દ્વારા રોડ પહોળા કરવા હેતુ માટે વર્ષો જુના ખેડુતોના બાઘા દિવાલો પણ તોડી પાડવામાં આવી હતી.

હાલ રોડ કરતા જમીનો ઉંચી હોવાથી ખેડુતોનો પાણી પણ રસ્તા પર ભરાય છે. હાલ વગર વરસાદે આ રોડ પર નદી જેમ પાણી ભરાયા છે. માંગરોળ અને કેશોદના દશ જેટલા ગામોને જોડતા આ રસ્તો હાલ રાહદારીઓ અને ખેડુતોને નિકળવા માટે માથાનો દુઃખાવો બની બની ગયો છે. આ મામલે સ્થાનિક ખેડુતો દ્વારા કેશોદના કોન્ટ્રાકટર અને અધીકારીઓને વારંવાર જાણ કરી હોવા છતાં આ રોડ ઝડપથી બનાવવાનું પ્રયાસ કરવાને બદલે વિલંબ થતો હોય જેથી રાહદારીઓ અને ખેડુતો ભારે મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ વિસ્તારના વિદ્યાર્થીઓ અને નાના બાળકો પણ નિશાળે જવા ચારથી પાંચ કીમી સુધી ફરવું પડે છે, ત્યારે આ બાબતે જવાબદાર અધિકારીઓ અને સત્તાધીશો દ્વારા વહેલી તકે આ રોડનું કામ શરૂ કરાઈ તે જરૂરી છે. અને મકોડા વડલીથી વાયા વાંધાળી સીમ ટુ કંકાસાના રોડની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# દ્વારકામાં ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ઉજવવામાં આવ્યો ભવ્ય રસોત્સવ

જામ ખંભાળિયા, તા.૧૯

દ્વારકાના જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાનવૃત્તિ કરનારા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ સમસ્ત દ્વારા ગત ગુરૂવારે દ્વારકાના સ્વામિનારાયણ મંદિર મેદાનમાં શરદ પૂર્ણિમા નિમિત્તે ભવ્ય રસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દ્વારકા પી.આઈ. જોષી, પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, સહમંત્રી ચેતનભાઈ ઠાકર સહિત કારોબારી સદસ્યો, મધ્યસ્થસભા સદસ્યો, સામાજિક કાર્યકરો, મહિલા મંડળ સદસ્યો વિગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દીપ પ્રાગટ્ય બાદ દ્વારકાના પ્રખ્યાત ગાયક કલાકાર ભાર્ગવભાઈ ઠાકર, બરોડાના ગાયક કલાકાર રીયાબેન બારોટ, દ્વારકાના રાધે મ્યુઝિક ગ્રુપના ધવલભાઈ દવે, પાર્થભાઈ દવે તેમજ પ્રખ્યાત રિધમીષ્ટ નરેશભાઈ જેઠવા અને પ્રતિકભાઈ વાયડા તેમજ ટીમ દ્વારા સંગીતના તાલે મધુર કંઠે ખેલૈયાઓને રસ તરબોળ કરવામાં આવ્યા હતા.

જુનિયર અને સિનિયર બંને કેટેગરીમાં પ્રિન્સ અને પ્રિન્સેસના પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમને ઈનામો તેમજ સિનિયર સિટીઝન બેસ્ટ પર્ફોર્મન્સ, બેસ્ટ કપલ, બેસ્ટ ડ્રેસીસ, સાથે તમામ ખેલૈયાઓને પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર વ્યવસ્થા શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ દ્વારા કરવામાં આવી હતી. વિશેષમાં જ્ઞાતિ સમિતિ દ્વારા જ્ઞાતિ મહિલા મંડળ સહિત તમામ જ્ઞાતિજનોનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.



# ભાણવડ નજીક એક જ પરિવારના ચાર સભ્યોના સામુહિક આપઘાત પ્રકરણમાં આરોપીઓના જામીન નામંજૂર

જામ ખંભાળિયા, તા.૧૯

જામનગર જિલ્લાના મોડપરના મૂળ રહીશ અશોકભાઈ જેઠાભાઈ ધુવા પાસે આરોપી વિશાલસિંહ ફતુભા જાડેજા તથા તેની સાથે શૈલેન્દ્રસિંહ દિલુભા જાડેજા જયદીપસિંહ કનકસિંહ જાડેજાએ પૈસાની ઉઘરાણી લેવાની થતી હોવાનું જણાવી અને અશોકભાઈ ધુવાને જામનગર ખાતે કારખાને બોલાવીને બેફામ માર મારીને પુત્ર જીગ્નેશની હાજરીમાં પૈસા માંગતા આવવાનું લખાણ ઊભું કરી અને અવારનવાર પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી.

આરોપીઓ દ્વારા અશોકભાઈને પૈસાનું લખાણ લખાવી અને પિતા પુત્રની રૂપિયા સાડા પાંચ લાખ માંગતા હોવાના લખાણમાં સહી લઈ અને હેરાન પરેશાન કરવામાં આવતા હતા. આ વચ્ચે અન્ય આરોપી વિશાલ પરસોત્તમ પ્રાગડા દ્વારા અશોકભાઈને આપવાના થતા રૂપિયા સાડા પાંચ લાખ ન આપતા આ સમગ્ર બાબત અંગે અશોકભાઈએ સ્યુસાઈડ નોટ લખી અને ભાણવડ તાલુકાના ધારાગઢ ગામે આવીને ગત તારીખ ૧૦-૭-૨૦૨૪ના રોજ તેમના પત્ની લીલુબેન, પુત્ર જીગ્નેશ તેમજ પુત્રી કિંજલબેન સાથે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. જે અંગે ભાણવડ પોલીસ મથકમાં પણ ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે અંગે તપાસ પૂર્ણ થતા પોલીસે સ્થાનિક કોર્ટમાં ચાર્જસીટ દાખલ કર્યું હતું. ચાર્જસીટ બાદ આરોપી વિશાલ પરસોતમભાઈ પ્રાગડા તથા જયદીપસિંહ કનકસિંહ ઝાલાએ જામીન અરજી કરતાં આ અંગે જિલ્લા સરકારી વકીલ એલ.આર. ચાવડા દ્વારા વિરોધ વ્યક્ત કરતી દલીલોને ધ્યાને લઈને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી દીધી હતી.



ડોકટરે આપણને સીંગતેલ ખાવાની મનાઈ કરી છે, પછી આપણે તેના ભાવ વધારાની ચિંતા શા માટે કરીએ?



આ સીંગતેલનો ભાવવધારો પ્રજાને કોલેસ્ટ્રોલથી મુકત કરી દેશે એ વાતની તો કોઈ નોંધ પણ નથી લેતું!




ડોકટર સાહેબ, તમે મારા પતિને લીલા શાકભાજી ખાવાનું કહયું છે, પરંતુ તેઓ તો તેના ભાવ સાંભળીને બિમાર પડી જાય છે.!

### સોમનાથમાં સોમપુરા બ્રાહ્મણ સમાજ દ્વારા

# વેરાવળ-પાટણ સમસ્ત બ્રહ્મસમાજનો આજે રાત્રે રાસોત્સવ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૧૯

શારદીય નવરાત્રી અંતર્ગત બાય-બાય નવરાત્રી, ૨૦૨૪ના અનુસંધાને વેરાવળ-પાટણ સમસ્ત બ્રહ્મસમાજનો ભવ્ય રાસોત્સવ આજરોજ તા.૧૯ ઓકટોબર શનિવારે રાત્રે ૯.૩૦ કલાકે શ્રી ગીતા મંદિર ગોલોકધામ હેલીપેડ મેદાન ખાતે યોજાયેલ છે. આ રાસોત્સવમાં ડો.મહાદેવપ્રસાદ મહેતા, કુ.નિકીતા ઓઝા, વિક્રાંન્ત પાઠક અને પલ્લવીબેન જાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે તેમ આયોજક સોમપુરા બ્રાહ્મણ સમાજ પ્રભાસપાટણની યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લા લેઉવા પટેલ સમાજ-રાજકોટ આયોજિત સારસ્વત સન્માન, સમાજશ્રેષ્ઠી અભિવાદન અને રાસોત્સવ



મુકેશભાઈ ગાજીપરા સેક્રેટરી — મધુભાઈ પટોળિયા પ્રમુખ — એમ.વી. વેકરીયા અધ્યક્ષસ્થાન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૯

જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લા લેઉવા પટેલ સમાજ, રાજકોટ દ્વારા ઉપરોક્ત ત્રિવિધ કાર્યક્રમ તા.૨૦-૧૦-૨૦૨૪ને રવિવારે સમન્વય પાર્ટી લોન્સ, કણકોટ રોડ, રાજકોટ ખાતે સંપન્ન થનાર છે. પંદરવર્ષથી દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. તેજસ્વી તારલાઓની સિદ્ધિને બિરદાવીને સમાજ અને સમૃદ્ધ રાષ્ટ્રનિર્માણ માટેનો આ ભગીરથ પ્રયત્ન છે. સમર્થ નાગરિકોનું ઘડતર, સમાજશ્રેષ્ઠીઓની અદભુત સફળતામાંથી સૌને પ્રેરણા મળે તેવી લાગણી સાથે સૌ આમાં જોડાવા તત્પર રહે છે. સમાજસેવાની જ્યોત પ્રગટાવતો રક્તદાન કેમ્પ પણ રાખવામાં આવ્યો છે. સુશ્રુત એનોરેક્ટલ હોસ્પિટલ, રાજકોટના ડો. એમ.વી. વેકરીયા અધ્યક્ષસ્થાન શોભાવશે. સમર્થ શિક્ષણવિદ, સૌના પથદર્શક ગિજુભાઈ ભરાડ અને ઉદ્ઘાટક ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિ પણ વિદ્યાર્થીજગતને પ્રેરણાના પિયુષ પૂરા પાડશે. ઉપરાંત સમાજના મુગટ શિરોમણી એવા મયુરભાઈ કોટડીયા, પી.આઈ. પ્રદ્યુમનનગર પોલિસ સ્ટેશન, રાજકોટ, પિયુષભાઈ ડોબરીયા, પી.આઈ. એસ.આર.પી. ગ્રુપ-૧૩, રાજકોટ, ડો.નિશાંત માધાણી, એમ.ડી. રેડીયેશન ઓન્કો, રાજકોટ તથા ડો.મનન પાનેલીયા, એમ.એસ. ઓર્થો., રાજકોટનું અદકેરૂ અભિવાદન કરવામાં આવશે. આ કાર્યક્રમનું નેતૃત્વ પ્રમુખશ્રી મધુભાઈ પટોળિયા તથા ઉપપ્રમુખ હરસુખભાઈ સુવાગીયા સંભાળી રહ્યા છે. સાથોસાથ તમામ કારોબારી સભ્યઓ અને દાતાશ્રીઓ સર્વે સહયોગ આપી રહ્યા છે. સંબંધોને સાંકળતો, લાગણીને વ્યક્ત કરતો, અંતઃકરણને ઉજાળતો આ સમારોહ ખૂબ જ આનંદસભર રીતે સંપન્ન થનાર છે. સમાજશ્રેષ્ઠીઓ તથા આમંત્રિત મહેમાનોમાં પ્રમુખ મધુભાઈ પટોળિયા, સેક્રેટરી મુકેશભાઈ ગાજીપરા, અધ્યક્ષ ડો.એમ.વી. વેકરીયા, રમેશભાઈ પાંભર, અનિલભાઈ ઠુમ્મર, કિશોરભાઈ સાવલીયા, ભાણજીભાઈ ડોબરીયા, રસીકભાઈ કપુરીયા, હસમુખભાઈ ચોવટીયા, રમેશભાઈ ટીલાળા, અરવિંદભાઈ દોમડીયા, ભોવાનભાઈ રંગાણી, ધીરૂભાઈ સુવાગીયા, રસિકભાઈ કપુરીયા, મહેશભાઈ સાવલીયા, કમલનયન સોજીત્રા, જગદીશભાઈ ડોબરીયા, રમણીકભાઈ કોટડીયા, હરેશભાઈ સાવલીયા, મુકેશભાઈ પટેલ, ભાવિનભાઈ મોણપરા, ભરતભાઈ ગાજીપરા, મયુરભાઈ કોટડીયા, પિયુષભાઈ ડોબરીયા, ડો.નિશાંત માધાણી, ડો.મનન પાનેલીયો અને ડો.જય માધાણી હાજર રહ્યા હતા.

# પાવાગઢ, સોમનાથ તેમજ દ્વારકાની જેમ રાજ્ય સરકારે રૂા.૧૦ કરોડની માતબર રકમ ફાળવી ઘેલા સોમનાથ મંદિરનો વિકાસ કરાશે : મંત્રી કુંવરજી બાવળીયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૯

ઘેલા સોમનાથ મંદિરને દ્વારકા અને સોમનાથની જેમ પવિત્ર યાત્રાધામ તેમજ પર્યટક સ્થળ તરીકે વિકસાવવા ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂા.૧૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે જે અનુસંધાને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં ઘેલા સોમનાથ મંદિર ખાતે મંદિરના ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી. મંત્રી કુંવરજી બાવળીયાએ સોમનાથ મહાદેવના દર્શન કરી, ટ્રસ્ટના નવાં સભ્યોને આવકારી જણાવ્યું હતું કે, ગુજરાતની સાંસ્કૃતિક, ઐતિહાસિક, ધાર્મિક સંસ્કૃતિને ઉજાગર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પાવાગઢ, સોમનાથ, દ્વારકા જેવા ધાર્મિક સ્થળોને વિકસાવવા રાજ્ય સરકાર પ્રોત્સાહન આપવાની સાથે સાથે આર્થિક સહાય પણ આપે છે ત્યારે ઘેલા સોમનાથના વિકાસ માટે



રાજ્ય સરકારે આગળ આવી રૂા.૧૦ કરોડની માતબર રકમની ગ્રાન્ટ મંજુર કરી છે જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી પ્રસિદ્ધ તીર્થધામ ઘેલા સોમનાથને એક નવી ઓળખ પણ પ્રાપ્ત થશે તેમ જ સ્થાનિક વિસ્તારમાં રોજગારીની નવી તકો ઊભી થશે. આ સાથે સાથે મંત્રીએ ટ્રસ્ટીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, ઉદ્યોગ સાહસિકો સહિત દાતાઓને ઘેલા સોમનાથના વિકાસ માટે આગળ આવી આર્થિક સહયોગ આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર અને ટ્રસ્ટના અધ્યક્ષશ્રી પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારના વિકાસ માટે રાજ્ય સરકાર તેમજ જિલ્લા વહીવટી તંત્ર સતત કાર્યરત છે. પવિત્ર તીર્થધામ ઘેલા સોમનાથનું વિશેષ મહત્વ હોવાથી અહીં મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોય છે, રાજ્ય સરકારે મંદિરના વિકાસ માટે સહયોગ આપ્યો હોવાથી મંદિરનો વિકાસ કરી વધુ સુવિધા ઉભી કરવામાં આવશે. મંદિરના ઉપાધ્યક્ષ અને પ્રાંત અધિકારી શ્રી ગ્રીષ્મા રાઠવાએ પ્રેઝન્ટેશનના માધ્યમથી ઘેલા સોમનાથ મંદિર અને ટ્રસ્ટમા થતી વિવિધ કામગીરી વિશે વિસ્તૃત જાણકારી આપી આગામી આયોજનની રૂપરેખા આપી હતી. ઘેલા સોમનાથ મંદિરના વિકાસ માટે તેમજ જસદણ પંથકના વિકાસમાં સતત એક્ટિવ રહેતા પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાનો ટ્રસ્ટના સભ્યોએ આ તકે આભાર વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, જસદણ નજીક આવેલા ઘેલા સોમનાથ મંદિરનું વિશેષ મહત્વ છે. સમગ્ર વર્ષ દરમિયાન ખાસ કરીને પવિત્ર શ્રાવણ માસમા લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ મહાદેવના દર્શને આવતા હોય, ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરતા ઘેલા સોમનાથ મંદિરનો વધુ વિકાસ કરવામાં આવશે જેનાથી આસપાસના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો માટે રોજગારીની નવી તકો પણ ઊભી થશે. આ તકે મંદિરના પુજારી, મામલતદાર દવે, નાયબ મામલતદાર અને વહીવટદાર હિરેન મકાણી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ એઈમ્સ ખાતે 'રીસર્ચ મેથડોલોજી' વિષયક રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સમાં સી.એમ.ઈમાં આરોગ્ય ક્ષેત્રે સંશોધનનું મહત્વ અને તેને વેગવંતુ બનાવવા દેશભરની એઈમ્સના તજજ્ઞોની ચર્ચા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૯

રાજકોટ એઈમ્સ ખાતે તબીબી શિક્ષણ અને સંશોધનને સાંકળતા 'રીસર્ચ મેથડોલોજી' વિષય ઉપર તા. ૧૭ અને ૧૮ મી ઓક્ટોબરના રોજ બે-દિવસીય રાષ્ટ્રીય કક્ષાની (સી.એમ.ઈ) કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સી.એમ.ઈમાં હેલ્થકેર સેક્ટરમાં સંશોધન ક્ષમતાઓને ઉચ્ચ સ્તર ઉપર આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સી.એમ.ઈ ઈવેન્ટનું ઉદ્ઘાટન એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો. ડો.(કર્નલ) સીડીએસ કટોચ દ્વારા કરવામાં આવ્યું હતું. કટોચે આ ઈવેન્ટનું મહત્વ સમજાવતા આરોગ્ય ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામ માટે સંશોધન પદ્ધતિઓની ભૂમિકા મહત્ત્વની હોવા પર પર ભાર મૂક્યો હતો. આ કોન્ફરન્સમાં નેશનલ એકેડેમી ઓફ મેડિકલ સાયન્સીસ(NAMS)ના સેક્રેટરી પ્રો. ડો. ઉમેશ કપિલે તેમના ચાવીરૂપ વકતવ્યમાં આરોગ્યની ગંભીર સમસ્યાઓના નિરાકરણ માટે નૈતિક અને ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધનની જરૂરિયાત પર પ્રકાશ પાડયો હતો. જયારે એઈમ્સ રાજકોટના ડીન (સંશોધન) પ્રો. ડો. (કર્નલ) અશ્વિની અગ્રવાલે સી.એમ.ઈના ઉદ્દેશ્યો અને હેલ્થકેર પ્રોફેશનલ્સની સંશોધન ક્ષમતાને વધારવામાં તેના યોગદાન અંગે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં મંગલગિરી, નાગપુર, ગોરખપુર, ઋષિકેશ અને રાયપુર એઈમ્સ જી.આર.આઈ.ડી. કાઉન્સિલ, આઈ.સી.એમ.આર. સહિતની પ્રીમિયર સંસ્થાઓના જાણીતા વક્તાઓ હાજર રહ્યા હતા. આ નિષ્ણાતોએ અદ્યતન સંશોધન પદ્ધતિઓ, ક્લિનિકલ ટ્રાયલ, ડેટા મેનેજમેન્ટ અને બાયોસ્ટેટિસ્ટિકસની ઉપયોગીતા અંગે તેઓનું તજજ્ઞ જ્ઞાન અને પ્રતિભાવો વ્યક્ત કર્યા હતાં. સાથોસાથ પ્રભાવક સંશોધન હાથ ધરવા માટે પ્રાયોગિક કૌશલ્યો અંગે ઉપસ્થિત તબીબી રીસર્ચર્સને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની રીસર્ચ મેથોડોલોજી પરિચર્ચામાં ટોચની સંસ્થાઓના નિષ્ણાતોને એક પ્લેટફોર્મ ઉપર લાવી એઈમ્સ રાજકોટના આરોગ્યલક્ષી સંશોધનને વેગ મળશે તેઓ આશાવાદ ડો. કટોચે આ તકે વ્યક્ત કર્યો હતો. સી.એમ.ઈ.માં દેશ વિદેશના ૩૦૦૦ જેટલા સંશોધનાર્થીઓએ ભાગ લીધો હતો.

# શનિવાર નિમિત્તે કષ્ટભંજન દેવને ૨૦૦ કિલો ગુલાબના તથા રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૯

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિત્તે તારીખ ૧૯-૧૦-૨૦૨૪ના રોજ શ્રીકષ્ટભંજનદેવને રંગબેરંગી ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા શણગાર આરતી કોઠારીશ્રી વિવેકસાગર સ્વામી-અથાણાવાળા દ્વારા કરવામાં આવી હતી. પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજથી દાદાના પાટોત્સવ નિમિત્તે હનુમાન ચરિત્ર કથા શરૂ થશે. જે અંતર્ગત બપોરે ૪ વાગ્યે પોથીયાત્રા યોજાશે. જેમાં ગામના અને ભક્તો સહિત ૫૦૦થી વધુ લોકો જોડાશે. સિંહાસને ૨૦૦ કિલો ગુલાબના ફુલનો શણગાર કરાયો છે. આજે દાદાને પહેરાવેલા પ્યોર સિલ્કના વાઘા વૃંદાવનમાં ૧૫ દિવસે તૈયાર થયા હતા.

# ઉના : બાઈકમાં સંતાડેલ દારૂ સાથે શખ્સને ઝડપી લેતી એલસીબી

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૯

ગીર સોમનાથ જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. એસ.પી. ચાવડા અને પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ બાલુભાઈ મોરી અને સ્ટાફે ઊના દેલવાડા રોડ ઉપર ટાઉન હોલ તરફ જતા રોડ ઉપર વોચ ગોઠવી દેલવાડા તરફથી આવતી નંબર પ્લેટ વગરની મોટર સાયકલ રોકવી ચાલક મિલન વિજયભાઈ કામળીયા રે. કોડીનારને રોકી પૂછપરછ અને તપાસ કરતા મોટર સાયકલની સીટ નીચેની ડેકીમાં છૂપાવેલ જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની બોટલો નંગ ૧૨૨ પાસ પરમીટ વગરની રૂપિયા ૩૨૪૯૪ મોટર સાયકલની કિંમત રૂપિયા ૫૦૦૦૦ મોબાઈલ ફોન એક ૧૦૦૦૦ મળી કુલ રૂપિયા ૯૩૩૭૧ મુદામાલ સાથે પકડી પૂછપરછ કરતા તેમણે જણાવ્યું હતું કે ઊના વિધ્યા નગરમાં રહેતા તેમના મામા મુકેશ ઉર્ફે લાલુ બાબુભાઈ રાઠોડે દીવ ઘોઘલા વિસ્તારમાંથી દારૂનો જથ્થો ભરી મોટર સાયકલ આપી હતી.

ઊનામાં આવી ફોન કરે અને તેમને આપવાનો હોવાનું કબુલતા પોલીસે મુકેશ ઉર્ફ લાલુ બાબુભાઈ રાઠોડ રે.ઊના સામે પણ ગુનો નોંધી આરોપીને ઊના પોલીસને સોંપતા પોલીસ બીજા આરોપીને પકડવા તપાસ કરી રહી છે.

# ગીર ગઢડા તાલુકાના સાણાવકીયા ગામના મંડળી કૌભાંડના મુકુંદરાય મહેતાના આગોતરા જામીન મંજૂર કરતી ઉના સેશન્સ કોર્ટ

## વકીલ સવજી પરમારની ધારદાર દલીલ રંગ લાવતા આગોતરા જામીન મંજૂર થયેલ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૯

થોડા સમય પહેલા ગીર ગઢડા તાલુકાના સાનાવાકીયા ગામની સહકારી મંડળી બાબતે છેતરપીંડીની ફરિયાદ ગીર ગઢડા પોલીસ સ્ટેશનમાં થયેલ હતી. જેમાં રાજકીય રાગદ્વેષ રાખી અને જૂનાગઢના નિવૃત્ત કર્મચારી મુકુંદરાય મહેતાનું નામ પણ ફરિયાદમાં નાખી દીધેલ હતું. જેના સંદર્ભમાં ઉનાના વકીલ મંડળ સભ્ય એવા સવજી પરમારએ આગોતરા જમીન મુકેલ અને ઉના સેશન્સ કોર્ટમાં ધારદાર રજૂઆત કરતાની સાથે જ સરકારી વકીલ અને પોલિસ દ્વારા કોઈ આધાર પુરાવા મુકુંદરાય મહેતા વિરૂધ્ધના મળી ન આવતાની સાથે જ ઉના સેશન્સ કોર્ટએ સવજી પરમાર વકીલની રજૂઆતને માન્ય રાખેલ અને નિવૃત્ત કર્મચારી મુકુંદરાય મહેતાને આગોતરા જામીન મંજૂર કરી આપેલ હતા.

# ખંભાળિયામાં વાંઝા દરજી જ્ઞાતિ દ્વારા શરદપૂર્ણિમા મહોત્સવની ભવ્ય ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં વાંઝા દરજી જ્ઞાતિ દ્વારા ગુરૂવારે શરદપૂર્ણિમા નિમિત્તે ભવ્ય રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી આ આયોજનને સફળ બનાવ્યું હતું.

# ખંભાળિયામાં આચાર્ય પરિવારનો હવન યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં ગગવાણી ફળીમાં આવેલા આચાર્ય પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મંદિરે શરદપૂર્ણિમા નિમિત્તે ગુરુવારે વાર્ષિક દિન હોય, ચંદીપાઠ સાથેના હવનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે માતાજીના મંદિરે વિશિષ્ટ શૃંગાર સાથે બપોરે ૧:૩૦ વાગ્યે શાસ્ત્રોક્ત વિધિથી શાસ્ત્રી શ્રી આરંભડિયા દ્વારા હવનનું બીડું હોમવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય પરિવારના મોભી સુરેશભાઈ આચાર્ય, સોનલબેન, યોગેશભાઈ, નિશાબેન, નીતિનભાઈ, ભગવતીબેન, હિતેન્દ્રભાઈ, હીનાબેન, દીપ, જીનીશ, ઝીલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જોઈએ છે - ચોકીદાર અને રસોયા

સ્વ. રતિલાલ વઘાસીયા સ્મારક ટ્રસ્ટ સંચાલિત શ્રી ગુરૂગોવિંદસિંહ હિન્દુ કુમાર છાત્રાલય માટે ચોકીદાર અને રસોયા જોઈએ છે. નીચેની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ દિવસ-૮માં રજી.એડીથી જરૂરી પ્રમાણપત્રો અને અનુભવના પ્રમાણપત્રો નકલો સાથે નીચેના સરનામે અરજી કરવી.

સરકારશ્રીના નિયમાનુસાર પગાર આપવામાં આવશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક | ઉંમર વર્ષ | કેટેગરી | જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ચોકીદાર અને રસોયા | લાયકાત ધો.૮ પાસ | ૧૮ થી ૪૫ | સા. અને શે.પછાત | ૧ |

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
ગુરૂ ગોવિંદસિંહ હિન્દુ કુમાર છાત્રાલય
સરાડીયા
ઠે. સરાડીયા તા. માણાવાદર, જી. જૂનાગઢ

# ખંભાળિયામાં વેપારીની સાથે થયેલી લૂંટ પ્રકરણમાં ત્રણ આરોપીઓ ઝબ્બે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૯

ખંભાળિયામાં રહેતા એક જાણીતા વેપારી ગુરૂવારે પોતાની દુકાનેથી ઘરે જઈ રહ્યા હતા, ત્યારે તેમના ઘરે પહોંચે તે પહેલા જ નજીકમાં બે શખ્સોએ તેમને પછાડી દીધા બાદ તેમની પાસે રહેલી રોકડ રકમ સાથેની થેલી લૂંટીને નાસી ગયાનો ચકચારી બનાવ પ્રકાશમાં આવ્યો છે. પોલીસ સ્ટેશનથી થોડે જ દૂર બનેલા આ બનાવથી શહેરભરમાં ભારે ચર્ચા મચી જવા પામી હતી. આ પ્રકરણમાં પોલીસે તાકીદની કાર્યવાહી કરી, ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. આ ચમચારી પ્રકરણની વિગત મુજબ ખંભાળિયામાં રામનાથ સોસાયટીમાં રહેતા અને અહીંના જોધપુર ગેઈટ પાસે દુકાન ધરાવતા જાણીતા વેપારી અશોકભાઈ થાવરદાસ ગોકાણી (અશોકભાઈ નેતા) નામના વેપારી ગુરુવારે રાત્રિના આશરે ૯:૩૦ વાગ્યાના સમયે તેમની દુકાનેથી તેમનાથી એક્ટિવા મોટરસાયકલ ઉપર બેસીને ઘરે જઈ રહ્યા હતા. તેઓ પોલીસ સ્ટેશન નજીક આવેલી એસ.એન.ડી.ટી. શાળાની પાછળના ભાગે કુંભાર પાડા વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એકાએક બે શખ્સો તેમની પાસે આવ્યા હતા અને પોતાનો સમાન ઈરાદો પાર પાડવાના હેતુથી આરોપીઓએ અશોકભાઈ ગોકાણીને ધક્કો મારીને મોટરસાયકલ પરથી પછાડી દીધા હતા. અહીં અશોકભાઈ કંઈ સમજે તે પહેલા તેમની પાસે રહેલી થેલી ઝૂંટવીને નાસી ગયા હતા. આમ, બે અજાણ્યા શખ્સોએ તેમને પછાડીને ઈજાઓ કરી, રૂપિયા ૭૩,૬૬૦ ની રોકડ રકમ તેમજ દુકાનના રોજમેળ સહિતનો મુદ્દામાલ લૂંટી ગયાનો બનાવ સરકારી ચોપડે નોંધાયો હતો. આ બનાવ બનતા અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, પી.આઈ. બી.જે. રાણા તેમજ એલ.સી.બી. અને એસ.ઓ.જી. સહિતનો પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને નાસી છૂટેલા બે લૂંટારૂઓનું પગેરૂ મેળવવા નજીકના વિસ્તારના સીસીટીવી કેમેરા ચકાસવા તેમજ નાકાબંધી કરવા સહિતની કામગીરી કરવામાં આવી હતી. લૂંટારૂઓને ઝડપી લેવા માટે આ વિસ્તારના જુદા જુદા સીસીટીવી ફૂટેજ તેમજ ક્રાઈમ ટ્રેક એપ્લિકેશન મારફતે ઈન્ચાર્જ પી.આઈ. રાણા, એલ.સી બી. પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ તેમની ટીમ દ્વારા વિવિધ દિશાઓમાં તપાસ આરંભી અને આ લૂંટ પ્રકરણમાં સંડોવાયેલા દિનેશ ગોવિંદ ધોરીયા (ઉ.વ. ૨૨, રહે. ભગવતી મેરેજ હોલ પાછળ), રોહિત ધરમશી ડાંગર (ઉ.વ. ૨૩, રહે. કુંભાર પાડો) અને રાહુલ ધીરુભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૧, રહે. જૂની તાલુકા પંચાયત કચેરી પાછળ) નામના ત્રણ શખ્સોને ગણતરીની કલાકોમાં જ ઝડપી લીધા હતા. આરોપીઓ છૂટક મજૂરી કામ કરતા હોવાનું તેમજ આરોપીને દારૂ પીવાની ટેવ હોવાનું પણ વધુમાં જાણવા મળ્યું છે. આ અંગેની વધુ તપાસ ખંભાળિયાના પી.એસ.આઈ. ચૌહાણ ચલાવી રહ્યા છે. ઝડપાયેલા આ આરોપીઓ પાસેથી લૂંટનો રૂપિયા ૭૩,૬૬૦ નો મુદ્દામાલ પણ કબજે કરી અને ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ સમગ્ર કાર્યવાહી અહીંના ડીવાયએસપી ડો. હાર્દિક પ્રજાપતિ, એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ, ઈન્ચાર્જ પી.આઈ. વી.એ. રાણા, પી.એસ.આઈ. આર.આર ઝરૂ, એમ.એચ. ચૌહાણ તેમજ સ્ટાફના હેમતભાઈ નંદાણીયા, દીપકભાઈ રાવલિયા, પ્રવીણભાઈ ગોજીયા, સજુભા જાડેજા, ખીમાભાઈ કરમુર, સહદેવસિંહ જાડેજા, ભરતભાઈ જમોડ, દિવ્યરાજસિંહ જાડેજા, સામતભાઈ ગઢવી, સામતભાઈ સુવા, યોગરાજસિંહ ઝાલા અને અરજણભાઈ આંબલીયા દ્વારા કરવામાં આવી હતી.

મામલતદાર અને એકઝીકયુવ મેજીસ્ટ્રેટ, મેંદરડા, જી. જૂનાગઢની કોર્ટમાં
જન્મ-મરણ નોંધણી અધિનિયમ કેસ નં.૪૭/૨૦૨૪

# જાહેર નોટીસ

આથી આ નોટીસથી જાહેર જનતાએ જાણ કરવામાં આવે છે કે, શ્રી બાબુભાઈ ગોવાભાઈ શીંગાળા રહે. કેનેડીપુર, તા. મેંદરડાનો જન્મ તા. ૦૫-૦૮-૧૯૬૨નાં રોજ મેંદરડા તાલુકાના કેનેડીપુર ગામે થયેલ છે. જેના જન્મ અંગેની નોંધણી ગ્રામ પંચાયત, કેનેડીપુરનાં રેકર્ડમાં થયેલ ન હોય, કેનેડીપુર ગામના જન્મ રજીસ્ટરમાં નોંધ કરી આપવા માટે અરજદારશ્રી બાબુભાઈ ગોવાભાઈ શીંગાળા, રહે. કેનેડીપુર, તા. મેંદરડાએ અત્રેની કોર્ટ સમક્ષ દાવા અરજી દાખલ કરેલ છે. આથી ઉપરોકત દાવા અરજી સામે જે કોઈ શખ્સને વાંધો કે તકરાર હોય તો મુદત તા. ૨૫-૧૦-૨૦૨૪નાં રોજ ૧૬.૦૦ કલાકે પોતે જાતે અથવા અધિકૃત કુલમુખત્યાર મારફત અત્રેની કોર્ટ સમક્ષ બિનચુક હાજર રહી રજુઆત કરવાની રહેશે. હાજર રહેવામાં કસુર થયેથી અત્રેની કોર્ટ તરફથી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજે સને ૨૦૨૪નાં ઓકટોબર માસની ૧૫મી તારીખે મારી સહી તથા કોર્ટનો સિકકા સાથે નોટીસ બહાર પાડવામાં આવી.

સહી અવાચ્ય
(કે.બી. ચાંદલીયા)
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજીસ્ટ્રેટ, મેંદરડા

આગામી દિવાળીના તહેવારોના ટાંકણે

# જૂનાગઢમાં ભેળસેળ કરનારાઓ બેફામ : ખોરાક-ઔષધ નિયમન તંત્ર નિંદ્રામા !!

## ખાદ્ય ચીજોમાં ભેળસેળ કરવી, વાસી અખાદ્ય પદાર્થ ધાબળી દેવો અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ







(પ્રતિકાત્મક તસ્વીર)

જૂનાગઢ તા.૧૮

દિવાળીના તહેવાર નજીક આવી રહ્યા છે ત્યારે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરવી, તેમજ વાસી પ્રદાર્થ ધાબળી દેવો વગેરે કરામતો કરી અને નાણાની રોકડી કરનારા તત્વો તહેવારનો ફાયદો ઉઠાવવા સજ્જ બની ગયા છે. દુધની મીઠાઈઓ, ફરસાણ તેમજ ખાદ્ય ચીજોમાં ભેળસેળ કરી અને આવા ભેળસેળ યુક્ત પ્રદાર્થ ધાબળી દેવા માટે બેફામ બની રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. તો બીજી તરફ લોકોના આરોગ્ય સાથે ચેડા કરનારા આવા તત્વો સામે કડક કાર્યવાહી માટેનું જે તંત્ર અસ્તિત્વમાં છે તેવા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર જાણે નિંદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે. મનપામાં કાર્યરત ખોરાક-ઔષધ નિયમન તંત્ર દ્વારા કોઈજ કાર્યવાહી થતી ન હોવાની પણ અનેક ફરિયાદો ઉઠવા પામી છે, કે રોકડીમાં પડી ગયા છે તેવી પણ ચર્ચાઓ થઈ રહી છે.

રાજયના જુદા-જુદા શહેરોમાં અને ગામોમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાર્યવાહી માટેના તંત્ર એવા ખોરાક-ઔષધ નિયમનતંત્ર દ્વારા અવાર-નવાર તપાસની કામગીરી કરી અને વાંધાજનક અખાદ્ય પદાર્થો ઝડપી લેવામાં આવતા હોય છે અને જે-તે દુકાનદારો અથવા પેઢીમાંથી ખાદ્ય પદાર્થોના નમુના લઈ અને તેનું પરીક્ષણ કરાયા બાદ આકરા પગલા પણ લેવામાં આવતા હોય છે. તાજેતરમાં જ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજકોટ ખાતે ૨૬૦૦ કિલો વાસી મીઠાઈનો જથ્થો ઝડપાયો હતો. ત્યારે જૂનાગઢ શહેર જ એવું છે કે, જ્યાં જે વિભાગને કયાંય ભેળસેળ થાય છે કે, કેમ તે અંગેની તપાસ કરવામાં આવેલ છે તેવું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર નિંદ્રાધીન હોવાનું છડેચોકે બોલાઈ રહ્યું છે. આગામી દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે ખાસ કરીને લોકો આ તહેવારોના દિવસોમાં મીઠાઈ અને ફરસાણની મોટેપાયે ખરીદી કરતા હોય છે અને ફરસાણ અને મીઠાઈના વેપારીઓ, સ્વીટમાર્ટો, ડેરીફાર્મો વગેરે દ્વારા પણ દુધની અને મલાઈની અનેક આઈટમો બજારમાં મુકતા હોય છે. આવી બધી આઈટમોની ખુબ જ માંગ રહેતી હોય છે. તો બીજી તરફ તહેવારોના ટાંકણે ખરીદીનો લાભ મેળવવા અને ખાદ્ય પદાર્થો એટલે કે, મીઠાઈ તેમજ દુધ અને મલાઈની વિવિધ આઈટમોમાં ભેળસેળ કરી અને નફો રળી ખાવા માટે પણ કેટલાક તત્વો અર્થાત ચોક્કસ વેપારીઓ મેદાનમાં પડયા હોવાનું ચર્ચાય છે. મીઠાઈ અને ફરસાણ તેમજ સ્વીટમાર્ટો તેમજ ડેરીફાર્મમાં વાસી બનાવટો તેમજ ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થો વેંચાતા હોવાની પણ અનેક ફરિયાદો ઉઠવા પામી છે. જૂનાગઢ શહેરના લોકોનું આરોગ્ય સ્વસ્થ રહે તેમજ ભેળસેળ કરનારા તત્વો લોકોના આરોગ્ય સાથે ચેડા ન કરે તે માટે દિવાળીના તહેવાર ટાંકણે જૂનાગઢ શહેરમાં આવેલા ફરસાણ, મીઠાઈ તેમજ ડેરીફાર્મ અને હોટલો સહિતના ખાદ્ય પદાર્થોનું જ્યાં વેચાણ થતું હોય અથવા તો મીઠાઈઓના ધાણવા ઉતરતા હોય તે તમામ વેચાણ કેન્દ્રો ઉપર મહાનગરપાલીકાના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આળશ ખંખેરી અને જરૂરી તપાસ કરવાની માંગ પણ ઉઠવા પામી છે.

# ગરવા ગિરનારની ચાર દિવસની લીલી પરિક્રમાનો ૧૨ નવેમ્બરથી પ્રારંભ થશે

## લાખોની સંખ્યામાં પૂણ્યનું ભાથુ બાંધવા ભાવિકો ઉમટી પડશે : તંત્ર દ્વારા તડામાર તૈયારી



જૂનાગઢ તા.૧૯

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો આગામી ૧૨ નવેમ્બરના રોજ પ્રારંભ થવાનો છે ત્યારે ગિરનાર પરિક્રમામાં આવતા ભાવિકોની સુખ-સુવિધા અને સવલત માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અને અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે.

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે ૩૬ કી.મી.ની પરિક્રમા દરવર્ષે યોજાય છે. પરંપરાગત રીતે યોજાતી આ લીલી પરિક્રમાનું આગવું અને અનેરૂ મહત્વ છે. દર વર્ષે પૂણ્યનું ભાથુ બાંધવા લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય છે. ગત વર્ષે લીલી પરિક્રમામાં ૧૩.૪૦ લાખ ભાવિકોએ પરિક્રમાનો લાભ લીધો હતો. જ્યારે આ વર્ષે પણ ૧૫ લાખથી વધારે ભાવિકો ગિરનારની લીલી પરિક્રમામાં ઉમટી પડે તેવી ધારણા છે. ત્યારે બીજી તરફ ગિરનારની લીલી પરિક્રમામાં આવનારા ભાવિકોની સુખ-સુવિધા અને સલામતી માટેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. જીલ્લા વહીવટી તંત્ર, સ્થાનિક કોર્પોરેશન તંત્ર, વન વિભાગ, પીજીવીસીએલ તંત્ર, જીલ્લા પંચાયત, ભવનાથ ગ્રામ પંચાયત તેમજ અન્ય સેવાભાવી મંડળો, ધાર્મિક સંસ્થાઓ અને ધાર્મિક જગ્યાઓ તેમજ સંતો દ્વારા પણ લીલી પરિક્રમાને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

ગિરનારની લીલી પરિક્રમામાં આવનારા ભાવિકો માટે ભોજન અને પ્રસાદની વ્યવસ્થા જુદા-જુદા ઉતારા મંડળ, ધાર્મિક સ્થળો અને સેવાકીય મંડળો દ્વારા તેમજ સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી હોય છે અને કોઈપણ જાતના ભેદભાવ વિના પરિક્રમાના સમયે કાર્યરત બનેલા સંખ્યાબંધ અન્નક્ષેત્રોમાં ભાવિકોને આવકારી અને તેઓને પ્રેમથી પ્રસાદ પીરસવામાં આવે છે. ઘણા વર્ષોથી લીલી પરિક્રમા યોજાય છે. શરૂઆતના વર્ષોમાં એક નાનકડો સંઘ પરિક્રમામાં આવતો હતો અને ધીમે-ધીમે પરિક્રમાર્થીઓ ઉમેરાતા ગયા અને અત્યારે ૧૦ લાખથી વધારે ભાવિકો પરિક્રમામાં આવે છે અને પરિક્રમાના આ ચાર દિવસો દરમ્યાન ગિરનાર ફરતેની પરિક્રમા કરે છે. રાત્રી દરમ્યાન જંગલમાં મંગલ કરતા હોય તેમ પોતપોતાના સંઘો દ્વારા જે-તે ઉતારા કે વિસામાના સ્થળે જાતે રસોઈ બનાવતા હોય છે. અથવા તો ત્યાં ચાલતા અન્નક્ષેત્રના પ્રસાદનો લાભ લેતા હોય છે અને રાત્રીના સંતવાણીના કાર્યક્રમો પણ ઠેર-ઠેર યોજાતા હોય છે. ભવનાથ અને ગિરનાર ક્ષેત્રમાં યોજાતા શિવરાત્રી અને પરિક્રમાના મેળાનું ખુબ જ મહત્વ રહેલું છે ત્યારે આગામી ગિરનારની લીલી પરિક્રમાને લઈને તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. દેવ દિવાળીના દિવસથી પરિક્રમાનો પ્રારંભ થતો હોય છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્ર તેમજ સંબંધીત વિભાગો દ્વારા આગામી પરિક્રમાને લઈને અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ અહીં આવનારા પરિક્રમાર્થીઓની સલામતી અને શાંતિપૂર્ણ રીતે પરિક્રમાનો મેળો સંપન્ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા પણ પરિક્રમાને લઈને ચાંપતા બંદોબસ્ત માટેનો એકશન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે.

# જૂનાગઢમાં ક્રિકેટ સટ્ટા બેટીંગનો જુગાર ખેલતો શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

જૂનાગઢના ઝાંઝરડા રોડ પર જાહેર રસ્તા પરથી ક્રિકેટ મેચ ઉપર હાર જીતનો જુગાર ખેલતો હોવાની ચોકકસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢ દ્વારા દરોડાની કાર્યવાહી કરી એક શખ્સની અટકાયત કરી રૂા.૩૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે.

આ બનાવ અંગે ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ રણવીરસિંહે જાતે ફરીયાદી બની જલ્પેશ ઉર્ફે જપુ રણછોડભાઈ ઝાખણીયા, જયેશ બોઘડા, રાહુલ રહે.રાજકોટ, તપાસમાં ખુલે તે તમામ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી જલ્પેશે ક્રિકેટ મેચની આઈ.ડી.ઓ મેળવી ક્રિકેટ મેચના સેસન્સ અને મેચના ભાવ પર હાર જીતના ક્રિકેટ સટ્ટા બેટીંગના સોદાઓ કરી નાણાની હારજીત કરી પાછળથી હવાલા દ્વારા નાણાની આપ લે કરી ક્રિકેટ સટ્ટા બેટીંગનો હારજીતનો જુગાર રમી પાછળથી નાણાની આપ લે કરી ક્રિકેટ સટ્ટા બેટીંગનો હારજીતનો જુગાર મોબાઈલ ફોનના માધ્યમથી ઓનલાઈન રમતા મોબાઈલ ફોન એક કી.રૂ.૩૦૦૦૦/- ના મુદામાલ સાથે આરોપી જલ્પેશ ઝડપાઈ ગયેલ જયારે જયેશ બોઘરા અને રાહુલ હાજર નહી મળી આવતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ રૂા.૬૫૦૦ની લાંચ લેતા ઝડપાયો

જુનાગઢ તા.૧૯ : પોરબંદર એસીબીએ છટકું ગોઠવી માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલને રૂા.૬૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધો હતો.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર, ફરીયાદીના કાકાના દિકરાની ટ્રકો પોરબંદર થી બોકસાઈડ ભરી અમરેલી ખાતે ખાલી કરવા જતી હતી. બોકસાઈડ ભરેલ ટ્રકો રોયલ્ટી પાસ તથા અંડરલોડ હોવા છતા માંગરોળ-મરીન પોલીસ સ્ટેશનનો આર્મડ પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રસિંહ કાળુભાઈ સીસોદીયા, ઉ.વ. ૩૫ ટ્રકો રોકતા હતો.

જેથી ફરીયાદી તેને રૂબરૂ મળતા કોન્સ્ટેબલે મક્તુપુર ચેક પોસ્ટ પરથી પસાર થવા દેવા માટે એક ટ્રક દિઠ રૂ. ૫૦૦ હપ્તા લેખે કુલ ચાર ટ્રકના ચાર મહિનાના કુલ રૂા.૮૦૦૦ની લાંચની માંગણી કરી હતી રકજકના અંતે રૂા.૬૫૦૦ લાંચ પેટે આપવાનું નક્કી થયું હતું,

જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ન હોય જેથી પોરબંદર એસીબીનો સંપર્ક કરી ફરીયાદ આપતાં ગઈકાલે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો,જુનાગઢ એકમનાં ઈન્ચાર્જ મદદનીશ નિયામક જી. વી. પઢેરીયાનાં માર્ગદર્શનમાં પોરબંદર એસીબીના પોલીસ ઈન્સ્પેકટર બી.કે. ગમારે મક્તુપુર ચેક પોસ્ટની બાજુમાં લાંચનું છટકુ ગોઠવી પોલીસ કોન્સ્ટેબલ સિસોદિયાને રૂપિયા ૬,૫૦૦ની લાંચ લેતા ઝડપી લઈ તેના વિરુદ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# કેશોદમાં ચોરીના બનાવમાં સંડોવાયેલા શખ્સ રાઉન્ડ અપ : તપાસ હાથ ધરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૯

કેશોદના માંગરોડ ઉપર અસંખ્ય ધંધાર્થી એકમોમાં છેલ્લાં ૨ મહિનામાં તસ્કરીની ઘટના બનવા પામી હતી આ ઘટનાની જૂનાગઢ ક્રાઈમ બ્રાંચની તપાસમાં એક શખ્સનું નામ સામે આવતાં તેને ઝડપી પાડી પૂછપરછ માટે રાઉન્ડ અપ કરવામાં આવ્યો હોવાની વિગતો મળી રહી છે.

આ અંગે મળતી વિગત મુજબ છેલ્લા બે મહિના દરમિયાન માંગરોળ રોડ ઉપર આવેલ વર્તમાન એજન્સી, કૃષિ મોલ, ક્રિષ્ના મોટર, છકડો રીક્ષા ગેરેજ, રાજ સ્ટીલ, શ્રીરામ સ્ટીલ, ગણેશ સ્ટીલ, કેશોદ એ. ટ્રેડિંગ, સદગુરૂ એગ્રીટેક જેવા અનેક વેપારી એકમો ઉપર તસ્કરીની ઘટના બનવા પામી હતી. આ ઘટનામાં જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરતાં એક શખ્સને ઝડપી પાડી તેની પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. વેપારીઓના જણાવ્યાં અનુસાર પોલીસે ઝડપી પાડેલ આ શખ્સ એક વર્ષ અગાઉ માંગરોળ રોડ ઉપર કરવામાં આવેલ તસ્કરીની ઘટનામાં પણ સામેલ હોવાનું જણાવ્યું હતું જો કે આ તસ્કર શખ્સ કેશોદ શહેરના અન્ય વિસ્તારમાં પોલીસ તપાસમાં તસ્કરનું નામ ખુલવા પામતા તેને રાઉન્ડ ઓફ કરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે વેપારીઓએ કરેલ કેશોદ પોલીસ સ્ટેશનની મુલાકાતમાં એવું પણ જાણવા મળ્યું છે કે આ તસ્કર અગાઉ પણ અનેક ચોરીના ગુનાઓમાં સંડોવેલો હોવાનું અનુમાન હોય પોલીસ પાસે પુરતી જાણકારી હોવ છતાં તેનું લોકેશન શોધવું મુશ્કેલ હોય તસ્કરી કરી ભાગતો ફરતો હતો. પરંતુ ક્રાઈમ બ્રાંચે સીસીટીવી, ટેકનીકલ સોર્સની મદદથી તસ્કરને રાઉન્ડ અપ કરતાં વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આ કેસ અનુસંધાને કેશોદના માંગરોળ રોડ ઉપર શ્રીરામ સ્ટીલ લોખંડ અને સિમેન્ટના વેપારી દિનેશભાઈ હીરાભાઈ સાવલિયાએ તેમના વેપારી એકમમાંથી છત તોડી ૨૧,૦૦૦ની તસ્કરી સહિત અન્ય પેઢીઓના ભારત ટ્રેક્ટર્સ, ગણેશ સ્ટીલ, ખોડીયાર મસાલાનો ઉલ્લેખ કરી પરચૂરણ તસ્કરી થઇ હોવાની અજાણ્યાં શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. જ્યારે માંગરોળ રોડ ઉપર કૃષિ મોલ એગ્રો સેન્ટરના સંચાલક લતેશભાઈ ચંદુભાઈ જસાણીએ તેમના ધંધા એકમમાં પતરા અને પીઓપીની છત તોડી તસ્કરે ૨૫,૦૦૦ ની તસ્કરી કરી હોવાની તેમજ તેજ દિવસે વર્ધમાન વર્ધમાન એજન્સી અને કૃષ્ણ મોટર્સ ગેરેજમાં અજાણ્યો તસ્કર ખાબક્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
MI-GL
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપ્સ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

● હરક્યુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિક્ટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
ગુલાબાવાડી પાસે, ખોજાવાડ ચોક નજીક
સૌરાષ્ટ્ર ભુમિ દૈનિક (બ્યુરો ઓફીસ)
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨